

PRGI No. GUJGUJ/2008/26148

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 19
Issue : 018
Dt.: 26-09-2026,
Saturday
Page : 04
Rs.00.50 paisa

### પટના-ચંડીગઢમાં વોટર કેનન, આસામમાં ગૌરવ ગોગોઈની અટકાયત

# ચૂંટણી પંચની કામગીરી-મતદાર યાદીની પ્રક્રિયા સામે કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન

### મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે અસમ, દિલ્હી, ચંદીગઢ, પટના સહિત અનેક રાજ્યોમાં દેખાવો થયા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશભરમાં ચૂંટણી પંચ (ECI)ની કામગીરી અને મતદાર યાદીની સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ની પ્રક્રિયાને લઈને મોટો રાજકીય વિવાદ સર્જાયો છે. મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારના રાજીનામા અને તેમને પદ પરથી હટાવવાની માગ સાથે કોંગ્રેસ સહિતના વિપક્ષી પક્ષો દેશવ્યાપી વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. શુક્રવારે અસમથી લઈને ચંદીગઢ, પટના અને દિલ્હી સુધી ઉગ્ર દેખાવો જોવા મળ્યા હતા, જેમાં અસમ કોંગ્રેસ પ્રમુખ સહિત અનેક અગ્રણી નેતાઓની અટકાયત કરવામાં આવી છે અને કેટલાક સ્થળોએ પ્રદર્શનકારીઓને વિખેરવા પોલીસને વોટર કેનનનો ઉપયોગ કરવો પડ્યો હતો. ચૂંટણી પંચના વલણ સામે કોંગ્રેસ કાર્યકરોએ દેશના અલગ-અલગ રાજ્યોમાં આક્રમક દેખાવો યોજ્યા હતા. ચંદીગઢ અને પટના ખાતે રસ્તા પર ઉતરેલા કાર્યકરોને અટકાવવા માટે પોલીસે પાણીનો મારો ચલાવવો પડ્યો હતો. બીજી તરફ ગુવાહાટીમાં વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કરી રહેલા અસમ કોંગ્રેસ પ્રમુખ ગૌરવ ગોગોઈ અને અન્ય વરિષ્ઠ પક્ષીય નેતાઓની પોલીસે અટકાયત કરી લીધી હતી. ચંદીગઢમાં પ્રદર્શન દરમિયાન પંજાબ કોંગ્રેસ પ્રમુખ અમરિન્દર સિંહ રાજા વડિંગે આરોપ મૂક્યો હતો કે સમગ્ર દેશમાં મતોની ચોરી થઈ રહી છે અને એકલા પંજાબમાં ૨૦ લાખ મતો કાઢી નાખવામાં આવ્યા છે, જેથી SIR પ્રક્રિયા તુરંત અટકાવીને એફઆઈઆર નોંધવી જોઈએ. રાષ્ટ્રીય રાજધાની નવી દિલ્હીમાં ચૂંટણી પંચની મુખ્ય કચેરી અને જંતર-મંતર બહાર ભારે પોલીસ બંદોબસ્ત તૈનાત કરવામાં આવ્યો હતો, જ્યાં ભારતીય યુવા કોંગ્રેસ (IYC) અને કોંગ્રેસના કાર્યકરોએ મોરચો માંડ્યો હતો. આ સિવાય મધ્ય પ્રદેશ, ઉત્તરાખંડ, પશ્ચિમ બંગાળ તેમજ પુડુચેરી જેવા રાજ્યોમાં પણ કોંગ્રેસ નેતાઓ અને કાર્યકરોએ જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ સાથે જોરદાર દેખાવો કર્યા હતા. આ સમગ્ર વિવાદની શરૂઆત એક મીડિયા રિપોર્ટ બાદ થઈ છે, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે, ચૂંટણી કમિશનર સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશીએ છેલ્લા ૧૦ મહિનામાં ૧૪ વખત SIR પ્રક્રિયા સાથે જોડાયેલા નિર્ણયો પર ગંભીર આપત્તિઓ નોંધી હતી. આ વાંધાઓમાં મતદાર નોંધણી, નામો ઉમેરવા કે રદ કરવા અને ડેટાબેઝ સુધી પહોંચ જેવા સંવેદનશીલ મુદ્દાઓ સામેલ હતા. આ રિપોર્ટ સામે આવ્યા બાદ કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે, ભારતમાં ૨૦૨૪ની લોકસભા ચૂંટણી સહિત અનેક વિધાનસભા ચૂંટણીઓમાં ગેરરીતિ આચરવામાં આવી છે. આ મુદ્દે વાયનાડ ખાતે પ્રતિક્રિયા આપતાં સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ જણાવ્યું કે, દેશભરમાં ૧૩ કરોડ મતદારોના નામ હટાવી દેવાયા હોવાના પુરાવા છે અને ચૂંટણી પ્રક્રિયા સાથે છેડછાડ કરવી એ દેશદ્રોહ સમાન ગંભીર કૃત્ય છે.

ચૂંટણી પંચે પોતાના સત્તાવાર નિવેદનમાં આંતરિક મતભેદના દાવાઓને પાયાવિહોણા ગણાવીને ફગાવી દીધા છે. ચૂંટણી પંચે સ્પષ્ટતા કરી છે કે કોઈપણ બહુ-સદસ્યીય સંસ્થામાં વહીવટી સ્તરે સૂચનો અને પ્રતિભાવો મેળવવા તે એક સામાન્ય પ્રક્રિયાનો ભાગ છે. પંચે વધુમાં જણાવ્યું હતું કે SIR પ્રક્રિયા સાથે સંકળાયેલા તમામ અંતિમ નિર્ણયો સર્વસંમતિથી જ લેવામાં આવ્યા હતા.

### બીજો ગોલ્ડ મેડલ આવ્યો ઝોળીમાં

# શુટિંગમાં કમલજીત અને સુરુચિનું સટીક નિશાન

### સુરુચિ અને કમલજીતની જોડીએ ૧૦ મીટર પિસ્ટલ શુટિંગના મિક્સ્ડ ઈવેન્ટમાં ૪૮૪.૬ના સ્કોર સાથે પહેલું સ્થાન મેળવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

એશિયન ગેમ્સ ૨૦૨૬માં ભારતનો મેડલ જીતવાનો સિલસિલો ચાલુ છે. અત્યાર સુધીમાં ભારતે ૨ ગોલ્ડ, ૭ સિલ્વર, અને ૯ બ્રોન્ઝ મેડલ જીત્યા છે. ૨૫ સપ્ટેમ્બરે ભારતે શૂટિંગમાં ગોલ્ડ જીત્યો જ્યારે બે અન્ય મેડલ સ્ક્વોશ અને ટેબલ ટેનિસમાં કન્ફર્મ કર્યા. કમલજીત અને સુરુચિ સિંહે ૧૦ મીટર એર પિસ્ટલ મિક્સ્ડ ટીમ ઈવેન્ટની ફાઈનલમાં શાનદાર પ્રદર્શન કર્યું અને ગોલ્ડ મેડલ પર કબજો જમાવ્યો. કબડ્ડીમાં વધુ બે મેડલ કન્ફર્મ થઈ શકે છે. દીયા ચિતલે અને માનુષ શાહે મિશ્રિત ટેબલ ટેનિસ સ્પર્ધાની સેમીફાઈનલ સુધી પહોંચીને મેડલ પાક્કો કર્યો છે. જ્યારે જોશના ચિનપ્પા અને વેલાવન સેન્થિલકુમારે મિશ્રિત યુગલ સ્ક્વોશની સેમીફાઈનલમાં પહોંચીને મેડલ પાક્કો કર્યો.

કમલજીત અને સુરુચિ સિંહે ૧૦ મીટર એર પિસ્ટલ મિક્સ્ડ ટીમ ઈવેન્ટની ફાઈનલમાં શાનદાર પ્રદર્શન કર્યું અને ગોલ્ડ જીત્યો. આ રીતે એશિયન ગેમ્સ ૨૦૨૬માં ભારતને બીજો ગોલ્ડ મળ્યો. તેમનો ફાઈનલ સ્કોર ૪૮૪.૬ હતો. જે બીજા નંબર પર આવેલા દક્ષિણ કોરિયાથી ૬.૬ પોઈન્ટ વધુ હતો. સુરુચિ અને કમલજીતે ૪૮૪.૬નો સ્કોર કરીને નવો ગેમ્સ રેકોર્ડ બનાવ્યો અને એશિયન ગેમ્સમાં આ ઈવેન્ટમાં પહેલો ગોલ્ડ જીત્યો.

ઈન્ડિયન વિમેન્સ ટીમે શ્રીલંકાને ૧૪૮ રનથી હરાવીને ૨૦૨૬ એશિયાડનો દેશનો પહેલો ગોલ્ડ મેડલ જીત્યો હતો. સ્મૃતિ મંદાનાએ ૪૫ બોલમાં ૭૯ રન કર્યા હતા જેના કારણે ઈન્ડિયાએ ૨૦ ઓવરમાં ૩ વિકેટ ગુમાવીને ૨૧૬ રનનો વિશાળ સ્કોર ખડો કર્યો હતો. દીપ્તિ શર્માએ ૩ વિકેટ લીધી જેનાથી શ્રીલંકા ૧૫.૪ ઓવરમાં ફક્ત ૬૯ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારતીય શુટર્સ અત્યાર સુધીમાં ૧૦ મેડલ અપાવી ચૂક્યા છે. જેમાં ૫ સિલ્વર અને ૪ બ્રોન્ઝ પણ સામેલ છે. કમલજીત અને સુરુચિએ શુટિંગમાં પહેલો ગોલ્ડ અપાવ્યો. આ ગોલ્ડ મેડલ સાથે ભારત મેડલ ટેલીમાં ૧૨માં સ્થાને પહોંચી ગયું છે. તેણે અત્યાર સુધીમાં ૨ ગોલ્ડ, ૮ સિલ્વર અને ૯ બ્રોન્ઝ મેડલ સહિત કુલ ૧૯ મેડલ મેળવ્યા છે. ચીન કુલ ૧૩૫ મેડલ સાથે સૌથી આગળ છે. ચીનના ફાળે ૮૫ ગોલ્ડ ૩૦ સિલ્વર અને ૨૦ બ્રોન્ઝ મેડલ ગયા છે. જ્યારે ૨૧ ગોલ્ડ સાથે જાપાન બીજા નંબરે છે. કુલ મેડલ ૯૫ મળ્યા જેમાં ૩૬ સિલ્વર અને ૩૮ બ્રોન્ઝ પણ સામેલ છે. જ્યારે કુલ ૫૪ મેડલ સાથે સાઉથ કોરીયા બીજા નંબરે છે. જેમાં ૧૧ ગોલ્ડ, ૧૪ સિલ્વર અને ૨૯ બ્રોન્ઝ મેડલ સામેલ છે.

## સિક્કિમમાં તોફાની વરસાદ બાદ ભૂસ્ખલનથી વિનાશ

(સંપૂર્ણ સમાચાર સેવા)સિક્કિમ

ક્લાઈમેટ ચેન્જને કારણે હવે ક્યાં એકસાથે આભ ફાટ્યા જેવી સ્થિતિ સર્જાય કે પછી વગર વરસાદે મોટી આફત આવી જાય કંઈ નક્કી જ નથી. તાજેતરની ઘટના ભારતના જ એક સરહદી રાજ્ય સિક્કિમની છે જ્યાં પશ્ચિમ વિસ્તારમાં આવેલા રિંબી ગામમાં મોડી રાતે અચાનક જ તોફાની વરસાદ ત્રાટકતા ભૂસ્ખલન જેવી ભયાનક ઘટના સર્જી હતી.આ ભયાનક ભૂસ્ખલનને કારણે લોકોને કોઈ સુરક્ષિત સ્થળે પહોંચવાનો મોકો જ ન મળ્યો. યુક્સોમ અને તાશીડિંગ વિધાનસભા મતવિસ્તારમાં આ ભૂસ્ખલન બાદ અનેક રહેણાક મકાનો, સરકારી ક્વાર્ટર તથા દુકાનો જેવી વિવિધ સંપત્તિઓ કાટમાળની લપેટમાં આવીને વહી ગઈ. ભારે નુકસાન થયું છે. હજુ સુધી તો જાનહાનિ વિશે કોઈ માહિતી સામે આવી શકી જ નથી.તંત્રને ઘટનાની જાણ થતાં જ તરત જ રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જેના પગલે ૧૨૮ જેટલા લોકોને સુરક્ષિત સ્થાનોએ લઈ જવામાં મદદ મળી હતી. આખા ગામમાં કાટમાળ ફરી વળ્યો છે. રેસ્ક્યૂ ઓપરેશનમાં પણ ભારે તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. સ્થાનિકો પણ રેસ્ક્યૂમાં મદદ કરી રહ્યા છે. લોકોને આવા વિસ્તારથી દૂર રહેવા જ કહી દેવાયું છે. કારણ હજુ પણ વરસાદ ચાલુ હોવાથી ગમે ત્યારે નવી આફત ત્રાટકવાની શક્યતા છે.

### ૫૦ મીટરની ત્રિજ્યામાં HFSS ખોરાક પર નિયંત્રણ

# શાળાઓથી ૫૦ મીટરના વિસ્તારમાં હવે ચિપ્સ અને ઠંડા પીણાં વેચી શકાશે નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

શાળાની ઘંટડી વાગતા જ કેન્ટીનની બહાર ચિપ્સ, કુરકુરે, ઠંડા પીણાં, સમોસા અને બર્ગર ખરીદવા માટે બાળકોની ભીડ જોવા મળે છે. જોકે, બાળકોમાં વધતી સ્થૂળતા અને બિનઆરોગ્યપ્રદ ખાવાની આદતોને ધ્યાનમાં રાખીને શાળાઓની આસપાસનું આ દૃશ્ય બદલાઈ શકે છે. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) દ્વારા શાળાઓની આસપાસ એવા ખોરાકના વેચાણ અંગેના નિયંત્રણોને વધુ અસરકારક બનાવવાની દિશામાં કામ થઈ રહ્યું છે, જેમાં ચરબી, ખાંડ અને મીઠાનું પ્રમાણ વધુ હોય છે. પ્રસ્તાવિત કવાયતમાં શાળાઓની ૫૦ મીટરની ત્રિજ્યામાં હાઈ ફેટ, સોલ્ટ એન્ડ શુગર એટલે કે HFSS શ્રેણીમાં આવતા ખોરાકના વેચાણ પર નિયંત્રણો કડક બનાવવાની વાત છે. તેમાં ચિપ્સ, ચોક્કસ પેકેજ્ડ નાસ્તા, ખાંડવાળા પીણાં, ચોકલેટ તેમજ વધુ મીઠું, ખાંડ કે ચરબી ધરાવતા અન્ય ઉત્પાદનોનો સમાવેશ થઈ શકે છે. જોકે, કયા ચોક્કસ ઉત્પાદન અથવા બ્રાન્ડ પર નિયંત્રણ લાગુ પડશે તે તેની પોષણ રચના અને લાગુ પડતા નિયમો આધારે નક્કી થશે.

આ કવાયતનો હેતુ બાળકોને તમામ પ્રકારના ખોરાકથી દૂર રાખવાનો નથી, પરંતુ શાળાની આસપાસ વધુ પડતા HFSS ખોરાકની સરળ ઉપલબ્ધતા ઘટાડવાનો છે. શાળાની નજીક મળતો નાસ્તો બાળકોની રોજિંદી ખાવાની આદતોનો ભાગ બની શકે છે. આવી સ્થિતિમાં શાળાની આસપાસનું ખોરાકનું વાતાવરણ બદલવાથી બાળકોને વધુ પૌષ્ટિક વિકલ્પો તરફ વાળવાનો પ્રયાસ થઈ શકે છે. બાળકોમાં સ્થૂળતા વિશ્વના અનેક દેશો માટે આરોગ્ય સંબંધિત પડકાર બની રહી છે. ભારતમાં પણ બદલાતી જીવનશૈલી, શારીરિક પ્રવૃત્તિમાં ઘટાડો અને વધુ કેલરીવાળા ખોરાકની સરળ ઉપલબ્ધતાને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. FSSAIની કવાયત માત્ર જંક ફૂડના વેચાણ પર નિયંત્રણ પૂરતી મર્યાદિત નથી. શાળાઓમાં સ્વસ્થ ખોરાક અંગે જાગૃતિ વધારવા અને બાળકોને પૌષ્ટિક વિકલ્પો ઉપલબ્ધ કરાવવા પર પણ ભાર મૂકવામાં આવી રહ્યો છે.

જો શાળાઓની આસપાસ HFSS ખોરાકના વેચાણ અંગે નિયંત્રણો વધુ કડક બને છે તો તેની અસર શાળાની કેન્ટીન, શેરી વિક્રેતાઓ અને નજીકની દુકાનો પર પડી શકે છે.

આવા વેપારીઓને ચિપ્સ, મીઠાં પીણાં અને અન્ય HFSS ઉત્પાદનોના બદલે સ્વસ્થ વિકલ્પો રાખવા પડી શકે છે. બીજી તરફ, ખાદ્ય કંપનીઓ પર પણ પોતાના ઉત્પાદનોમાં મીઠું, ખાંડ અને ચરબીનું પ્રમાણ ઘટાડવા માટે દબાણ વધવાની શક્યતા છે.

અહીં એ પણ સમજવું જરૂરી છે કે શાળા કેમ્પસ અને શાળાના દરવાજાથી ૫૦ મીટરની અંદર HFSS ખોરાકના વેચાણ અંગે FSSAIના નિયમો અગાઉથી અસ્તિત્વમાં છે. તેથી તેને સંપૂર્ણપણે નવા રાષ્ટ્રવ્યાપી પ્રતિબંધ તરીકે જોવું યોગ્ય નથી. હાલની વ્યવસ્થાના વધુ અસરકારક અમલીકરણ અને શાળાઓની આસપાસના ખોરાકના વાતાવરણમાં સુધારો કરવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. બાળકોના આહારને લઈને રાજ્યો દ્વારા પણ વિવિધ સ્તરે પગલાં લેવામાં આવી રહ્યાં છે. મહારાષ્ટ્રમાં શાળાઓમાં અને તેની આસપાસ HFSS ખોરાકના વેચાણ તથા પ્રમોશન અંગે કડક માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. કેન્દ્ર અને રાજ્ય સ્તરે આવા પ્રયાસોનો મુખ્ય હેતુ બાળકોને બિનઆરોગ્યપ્રદ ખોરાકની સરળ ઉપલબ્ધતા ઘટાડવાનો અને સ્વસ્થ વિકલ્પોને પ્રોત્સાહન આપવાનો છે.

### DEFCON 2026માં બોલ્યા સંરક્ષણ સચિવ રાજેશ સિંહ

# મોદી ટેક્નોલોજીના મોટા જાણકાર, તેઓ નવીનતા ઝડપથી ઓળખી લે છે

### વૈજ્ઞાનિકોએ આદર્શ રીતે ટેક્નોલોજીમાં થતા ફેરફારોને સૌથી પહેલા ઓળખવા અને સમજવા જોઈએ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી "ટેક્નોલોજીના ખૂબ જ જાણકાર" છે અને ઘણી વખત અન્ય લોકો કરતાં ટેક્નોલોજીની નવીનતા અને વિચારોને ઝડપથી ઓળખી લે છે. સિંહે કહ્યું કે, વૈજ્ઞાનિકોએ આદર્શ રીતે ટેક્નોલોજીમાં થતા ફેરફારોને સૌથી પહેલા ઓળખવા અને સમજવા જોઈએ. તેમણે ઉભરતી ટેક્નોલોજીને ઓળખવાની અને તેના પર પ્રતિક્રિયા આપવાની પ્રક્રિયાને સંસ્થાકીય સ્વરૂપ આપવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો છે. તેમણે કહ્યું તે, અમારી પાસે DRDOમાં એક એકમ છે, જેનો હવાલો હું અસ્થાયી રીતે સંભાળી રહ્યો છું. આ એકમ ઉભરતી ટેક્નોલોજી અને વિકાસને ઓળખવા માટે સતત હોરાઈઝન સ્કેનિંગ કરે છે. સશસ્ત્ર દળોમાં પણ આવી જ વ્યવસ્થા છે."

તેમણે વધુમાં કહ્યું કે, "નેતૃત્વની દૃષ્ટિએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ટેક્નોલોજીના ખૂબ જ જાણકાર છે અને ઘણી વખત આપણા પૈકીના ઘણા લોકો કરતાં ટેક્નોલોજીની નવીનતા અને વિચારોને વધુ ઝડપથી ઓળખી લે છે, પરંતુ આ કોઈ એક વ્યક્તિ પર નિર્ભર ન રહી શકે. તેને સંસ્થાકીય સ્વરૂપ આપવું પડશે, જેથી દેશ ટેક્નોલોજીમાં થતા ફેરફારોને વધુ ઝડપથી ઓળખી શકે અને તેના પર પ્રતિક્રિયા આપી શકે." સિંહે કહ્યું કે બદલાતા ભૂરાજકીય વાતાવરણને કારણે યુદ્ધના મેદાનમાં થઈ રહેલા વિકાસમાંથી સતત શીખવાની જરૂરિયાત ઊભી થઈ છે. તેમાં ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતના તાજેતરના અનુભવોનો પણ સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે, "આપણે એવા યુગમાં જીવી રહ્યા છીએ, જ્યાં બીજા વિશ્વયુદ્ધ પછી ભૂરાજકીય સંઘર્ષો સૌથી ઊંચા સ્તરે છે. તેથી યુદ્ધના મેદાનમાંથી સતત શીખવાની પ્રક્રિયા ચાલી રહી છે, જેમાં ઓપરેશન સિંદૂર દરમિયાનનો આપણો તાજેતરનો અનુભવ પણ સામેલ છે."

તેમણે વધુમાં કહ્યું કે, "આ અનુભવો આપણી ખરીદી પ્રક્રિયા, ઉદ્યોગ અને મોટા, વૈવિધ્યસભર તથા હાઈબ્રિડ સંરક્ષણ ઉત્પાદન માળખું તૈયાર કરવાના પ્રયાસોમાં સામેલ થઈ રહ્યા છે. તેમાં સરકારી ક્ષેત્ર, ખાનગી કંપનીઓ અને સ્ટાર્ટઅપ્સની સમાન રીતે ભૂમિકા છે." સંરક્ષણ ખરીદી અંગે સંરક્ષણ સચિવે કહ્યું કે સરકારની ખરીદ શક્તિ સંરક્ષણ ઉદ્યોગને ટકાવી રાખવામાં મદદ કરી શકે છે, કારણ કે તે સપ્લાયર્સને ભવિષ્યના ઓર્ડર અંગે વધુ સ્પષ્ટતા આપે છે.તેમણે કહ્યું કે, "કારણ કે આ એક જ ખરીદદારવાળું બજાર છે, અમારી ખરીદ શક્તિ આ ઉદ્યોગને ટકાવી શકે છે. તેથી અમે સપ્લાયર્સને ઓર્ડર અંગે સ્પષ્ટતા આપી રહ્યા છીએ." સિંહે કહ્યું કે છેલ્લા ૨ વર્ષ દરમિયાન સરકારે સંરક્ષણ ઓર્ડર આપવાની ગતિમાં નોંધપાત્ર વધારો કર્યો છે.તેમણે કહ્યું કે, "છેલ્લા ૨ વર્ષ દરમિયાન અમે બમણી ગતિએ ઓર્ડર આપી રહ્યા છીએ. અમે રૂ. ૨ લાખ કરોડના ઓર્ડર આપ્યા છે, જ્યારે અગાઉનો વલણ રૂ. ૫૦,૦૦૦-૮૦,૦૦૦ કરોડનો હતો." સંરક્ષણ સચિવે એમ પણ કહ્યું કે સરકાર ખાસ કરીને ડ્રોન જેવી ઉભરતી ટેક્નોલોજી માટે ખરીદી પ્રક્રિયાને ઝડપી બનાવવા માગે છે.

### મહિલા ધારાસભ્યે ટેબલ પછાડી કહ્યું- તમને જોઈ લઈશ

# કર્ણાટક વિધાનસભામાં કોંગ્રેસના MLA બાખડ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)બેંગલુરુ

કર્ણાટક વિધાનસભા સત્ર દરમિયાન શાસક પક્ષ કોંગ્રેસની અંદર ચાલી રહેલો આંતરિક વિવાદ ફરી એકવાર જાહેરમાં આવ્યો છે.

બાંગરપેટથી કોંગ્રેસના ધારાસભ્ય એસ.એન. નારાયણસ્વામીએ પોતાની જ પાર્ટીના મહિલા ધારાસભ્ય રૂપકલા શશિકિરણ સામે ગંભીર આરોપ લગાવ્યા છે. તેમનું કહેવું છે કે સત્રની કાર્યવાહી દરમિયાન મહિલા ધારાસભ્યએ તેમને ગંભીર ધમકી આપી છે.

ધારાસભ્ય એસ.એન. નારાયણસ્વામીના જણાવ્યા અનુસાર, વિધાનસભામાં તેમની પાછળ બેઠેલાં રૂપકલા અચાનક તેમની પાસે આવ્યા અને તેમની સામે રાખેલું ટેબલ જોરથી પછાડ્યું હતું. નારાયણસ્વામીએ આરોપ મૂક્યો કે, રૂપકલાએ મારી સામે આંગળી ચીંધીને ચેતવણી આપી હતી કે તેઓ મને જોઈ લેશે. આ કથિત ધમકી બાદ નારાયણસ્વામીએ પોતાની સુરક્ષાને લઈને ડર વ્યક્ત કર્યો છે.

આ ઘટના ત્યારે બની જ્યારે વિધાનસભામાં ઈંડી અને ચાડચન તાલુકાઓને દુષ્કાળગ્રસ્ત યાદીમાંથી બહાર રાખવાના વિરોધમાં કોંગ્રેસના ધારાસભ્ય યશવંતરાયગૌડા પાટીલ દ્વારા સોંપવામાં આવેલા રાજીનામા પર ચર્ચા ચાલી રહી હતી.

નારાયણસ્વામીએ સ્પષ્ટ કર્યું કે, હું અને ધારાસભ્ય એસ.એન. સુબ્બારેડ્ડી માત્રસાદી વાતચીત કરી રહ્યા હતા અને અમે રૂપકલા વિશે કોઈ ચર્ચા સુદ્ધાં નહોતી કરી, છતાં તેઓ અચાનક ગુસ્સે થઈને અમારી પાસે આવી ગયા હતા. ઉલ્લેખનીય છે કે રૂપકલા શશિકિરણ, નારાયણસ્વામી અને સુબ્બારેડ્ડી ત્રણેય કોલાર જિલ્લાના અલગ-અલગ વિસ્તારોનું પ્રતિનિધિત્વ કરે છે. રૂપકલા શશિકિરણ કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાજ્યના સમાજ કલ્યાણ મંત્રી કે.એચ. મુનિયપ્પાના પુત્રી છે. બીજી બાજુ, નારાયણસ્વામી અને આ વિસ્તારના અન્ય કેટલાક નેતાઓ લાંબા સમયથી મુનિયપ્પાનો વિરોધ કરતા આવ્યા છે.પોતાની અસલામતી વ્યક્ત કરતા નારાયણસ્વામીએ જણાવ્યું હતું કે, હું સામાન્ય પરિવારથી આવું છું અને મારા પિતા કોઈ ધારાસભ્ય નહોતા. મને ખબર નથી કે તે કેમ ભડકી ગયા. મારી એટલી હેસિયત નથી કે તેમના વિશે વાત કરું. હું ડરેલો છું કારણ કે તેમના પિતા કે.એચ. મુનિયપ્પા અગાઉ પણ આપણને નુકસાન પહોંચાડી ચૂક્યા છે અને હવે તેમના મોઢેથી આવી વાતોસાંભળવા મળી રહી છે.



# તંત્રી લેખ......

## મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને લઈને ભાજપના સાથી પક્ષો પણ ચિંતિત

સ્પૅશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) અંગેના એક મીડિયા રિપોર્ટ બાદ ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે વિવાદો ઘેરા બન્યા છે, જેના પગલે સત્તારૂઢ NDA ગઠબંધનના સાથી પક્ષો દ્વારા કમિશનર પાસે સ્પષ્ટતા માંગવામાં આવી છે. જ્યારે વિપક્ષ દ્વારા તેમના રાજીનામાની માંગ કરવામાં આવી રહી છે. કેન્દ્ર સરકારના સહયોગી પક્ષ લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ) ના નેતા અને કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને આ સમગ્ર મામલાને ગંભીર ચિંતાનો વિષય ગણાવ્યો હતો. ચૂંટણી પંચને જનતા સમક્ષ પોતાનો પક્ષ મજબૂતાઈથી મૂકવા આહ્વાન કર્યું હતું. બીજી તરફ ચૂંટણી પંચ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી હતી કે તમામ નિર્ણયો પરસ્પર સહમતિથી જ લેવામાં આવ્યા હતા. એક બીજા સાથે અસંમત હોવું તે તંદુરસ્ત લોકશાહીનો જ એક ભાગ છે.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનર પર ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા હતા અને તેમને સરકારી સાક્ષી બનવાની સલાહ આપતા રાજીનામાની માંગ કરાઈ હતી. આ ઉપરાંત ઓડિશાના પૂર્વ મુખ્યમંત્રી નવીન પટનાઈક અને તૃણમૂલ કોંગ્રેસના સાંસદ અભિષેક બેનર્જીએ પણ મતદાર યાદીમાંથી ૩૦ લાખ નામ કપાવાના દાવા સાથે સવાલો ઉઠાવ્યા હતા અને SIR પ્રક્રિયા પર પુનઃવિચારણા કરવાની માંગ કરી હતી. વિપક્ષો અને વિવિધ સંગઠનો આ મુદ્દે આક્રમક જોવા મળી રહ્યા છે. કોંગ્રેસ દ્વારા તો આજે સમગ્ર દેશમાં વિરોધ પ્રદર્શનની જાહેરાત કરવામાં આવી હોવા ઉપરાંત સમગ્ર કાર્યક્રમની રૂપરેખા પણ જાહેર કરવામાં આવી છે. જેના અંતર્ગત તે તબક્કાવાર વિરોધ પ્રદર્શન કરશે. આ વિવાદ વચ્ચે કોકરોચ જનતા પાર્ટી (CJP) દ્વારા પણ આક્રમક વલણ અપનાવવામાં આવ્યું છે અને ૨૪ કલાકનું અલ્ટીમેટમ આપતા ચેતવણી આપવામાં આવી છે કે જો જ્ઞાનેશ કુમાર રાજીનામું નહીં આપે તો આગામી ૨ ઓક્ટોબરથી મુંબઈથી દેશવ્યાપી આંદોલન શરૂ કરવામાં આવશે. ચૂંટણી પંચની નિષ્પક્ષતા અને પારદર્શિતા સામે ઊભા થયેલા આ સવાલોને કારણે દેશના રાજકારણમાં ભારે ચર્ચા જાગી છે અને આગામી દિવસોમાં આ મામલો વધુ વેગ પકડે તેવી સંભાવના છે.

# ગુજરાતમાં મેડીકલ સ્ટોર્સમાં લાયસન્સ ભાડે લઈને દવાનો ધંધો ધમધમી રહ્યો હોવાની રાવ : ફાર્માસિસ્ટની હાજરી માત્ર ઔપચારીકતા

### ૧૫,૫૦૮ ફાર્માસિસ્ટ હોવા છતાં લાયસન્સના દુરુપયોગનો મુદ્દો : ફાર્માસિસ્ટનુ લાયસન્સ ભાડે આપવુ ગેરકાયદેસર

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં દવાના વ્યવસાય સાથે જોડાયેલી એક ગંભીર હકીકત બહાર આવી છે, રાજયમાં ૧૫,૫૦૮ રજીસ્ટર્ડ ફાર્માસિસ્ટ હોવા છતાં કેટલાક મેડીકલ સ્ટોર્સ માં ફાર્માસિસ્ટના લાયસન્સનો કથિત રીતે દુરુપયોગ થઈ રહ્યો હોવાના કિસ્સા બહાર આવ્યા છે. ફાર્માસિસ્ટનુ લાયસન્સ ભાડે લઈને દુકાન ચલાવવાની ગેરરીતી સામે આરોગ્યતંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે.



ભાવનગરમાં એક ફાર્માસિસ્ટના લાયસન્સના દુરુપયોગથી પ્રતિબંધિત કફ સિરપ સહિતનો જથ્થો ઝડપાયો હતો. જયારે વડોદરામાં પણ તપાસ દરમિયાન અનેક ગેરરીતીઓ બહાર આવી છે. ૨૫ સપ્ટેમ્બરે વિશ્વ ફાર્માસિસ્ટ દિવસની ઉજવણી વચ્ચે ગુજરાતમાં દવાના વ્યવસાય સાથે જોડાયેલી આ બાબત ચર્ચામાં આવી છે. ફાર્મસી કાઉન્સિલના આંકડા મુજબ રાજયમાં કુલ ૧૫,૫૦૮ રજીસ્ટર્ડ ફાર્માસિસ્ટ નોંધાયેલા છે. આ સંખ્યાના આધારે ગુજરાત દેશભરમાં સાતમાંક્રમે હોવાનુ જણાવવામાં આવે છે. જો કે બીજીતરફ કેટલાક મેડીકલ સ્ટોર્સમાં ફાર્માસિસ્ટના નામ અને લાયસન્સનો ઉપયોગ માત્ર કાગળ પર કરવામાં આવતો હોવાના આક્ષેપો બહાર આવ્યા છે. દવાની દુકાન પર ગ્રાહકોને દવા આપતી વખતે યોગ્ય લાયકાત ધરાવતા ફાર્માસિસ્ટની હાજરી અત્યંત મહત્વપૂર્ણ છે. ફાર્માસિસ્ટ માત્ર દુકાનના લાયસન્સ માટેનુ નામ નથી. પરંતુ દવાના સંગ્રહ, વેચાણ અને યોગ્ય ઉપયોગ અંગેની જવાબદારી સાથે જોડાયેલો વ્યવસાયીક છે. નિયમો અનુસાર મેડીકલ સ્ટોરમાં નોંધાયેલા ફાર્માસિસ્ટની રૂબરૂ હાજરી અને દેખરેખ જરૂરી છે. માત્ર ફાર્માસિસ્ટના નામે લાયસન્સ મેળવીને અન્ય વ્યકિત દ્વારા દુકાન ચલાવવી અથવા પોતાનુ લાયસન્સ અન્ય વ્યકિતને ઉપયોગ માટે આપવુ નિયમ વિરૂધ્ધ છે. લાયસન્સનો હેતુ દવાની દુકાનને કાયદેસર અને જવાબદારીપૂર્વક ચલાવવાનો છે.

તાજેતરમાં ભાવનગરમાં પોલીસે એક નોંધાયેલા ફાર્માસિસ્ટની ધરપકડ કરી હતી. તેના લાયસન્સનો દુરુપયોગ કરીને પ્રતિબંધિત કફ સિરપ સહિતનો મોટો જથ્થો ગેરકાયદેસર રીતે મેળવવામાં આવ્યો હોવાનો મામલો બહાર આવ્યો હતો. આ ઘટનાએ ફાર્માસિસ્ટના લાયસન્સના દુરુપયોગ અંગે ગંભીર સવાલો ઉભા કર્યા છે. વડોદરામાં પણ મેડીકલ સ્ટોર્સની તપાસ દરમિયાન ફાર્માસિસ્ટની ગેરહાજરી અને અન્ય ગેરરીતીઓ બહાર આવી હતી. તપાસ બાદ વિભાગે ૭ પેઢીઓને નોટીસ ફટકારી હતી. જયારે એક મેડીકલ સ્ટોરનુ લાયસન્સ રદ કરવામાં આવ્યુ હતું.

તપાસ દરમિયાન રૂપીયા ૮૩ લાખ થી વધુનો શંકાસ્પદ જથ્થો સીઝ કરવામાં આવ્યો હોવાની માહિતી બહાર આવી છે. આ કાર્યવાહીથી સ્પષ્ટ થાય છે કે મેડીકલ સ્ટોરના લાયસન્સ સાથે જોડાયેલા નિયમોનુ પાલન નહી કરનાર સામે તંત્ર કાર્યવાહી કરી શકે છે. ખાસ કરીને દવાના ખરીદ વેચાણના રેકોર્ડ, ફાર્માસિસ્ટની હાજરી અને દવાના સંગ્રહ સહિતના નિયમોની ચકાસણી કરવામાં આવે છે.

# મોરબીના સિરામીક, પેપર મીલ ઉદ્યોગ પર સંકટના વાદળો: સ્થાનિક બજારની માંગ માં ૨૫ ટકાનો ઘટાડો



પ્રતિનિધિ,ગાંધીનગર

ચીનને વૈશ્વિક સ્તરે સખત ટક્કર આપનાર ગુજરાતનુ મોરબી શહેર આજે ફરી એકવાર એક ગંભીર અને મુશ્કેલ દોર માં થી પસાર થઈ રહ્યુ છે. રશિયા અને યુક્રેન યુદ્ધની અસરોમાંથી માંડ માંડ બહાર આવી રહેલા સિરામીક અને પેપરમીલ ઉદ્યોગ સામે હવે ઈરાન અમેરીકા યુદ્ધ અને વૈશ્વિક પરિસ્થિતિના કારણે નવી આર્થિક અને વેપારીક પડકારો ઉભા થયા છે. ગેસની કિંમતોમાં અસહ્ય વધારો, માલ મોકલવા માટે કન્ટેનરની ભારે અછત અને કાચા માલની મોંઘવારીને કારણે ઉત્પાદન ખર્ચમાં ધરખમ વધારો નોંધાયો છે. આ તમામ પરીબળોની સાથે સાથે ઘરેલુ બજારમાં માંગ ઘટવા અને નિકાસ પ્રભાવિત થવાથી ઉદ્યોગપતિઓની ચિંતામાં મોટો વધારો થયો છે. સિરામીક ઉદ્યોગમાં કુદરતી ગેસ અને પ્રોપેન ગેસ એ ઉત્પાદન માટેની સૌથી મુખ્ય જરૂરીયાત છે. આશ્ચર્યજનક બાબત એ છે કે યુદ્ધ શરૂ થયા પહેલા જે કુદરતી ગેસની કિંમત આશરે ૪૨ રૂપીયા પ્રતિ કયુબિક મીટર હતી. તે વધીને જુલાઈ મહિનામાં ૭૭ રૂપીયા, ઓગસ્ટમાં ૮૯ રૂપીયા અને હવે સપ્ટેમ્બર મહિનામાં સીધી અસર ૯૮ રૂપીયા પ્રતિ કયુબિક મીટર સુધી પહોચી ગઈ છે. આ ઉપરાંત પ્રોપેન ગેસ પણ ૫૬ રૂપીયા પ્રતિ કિલોથી વધીને અંદાજે ૯૮ રૂપીયા પ્રતિકિલો થઈ ગયો છે. ગેસની અટકતી અને પ્રભાવિત થતી આપૂરતીના કારણે મોરબીની ઘણી ફેકટરીઓમાં તો અમુક સમય માટે ઉત્પાદન સંપૂર્ણપણે બંધ રાખવુ પડે છે. યુદ્ધ અને મોંઘવારીના કારણે ઘરેલુ બજારમાં સિરામીક ઉત્પાદનોની માંગમાં અંદાજે ૨૫ ટકા જેટલો મોટો ઘટાડો થયો હોવાનુ ઉદ્યોગ સાથે જોડાયેલા લોકો જણાવી રહ્યા છે. તો બીજી તરફ સંપૂર્ણપણે નિકાસ પર નિર્ભર રહેતી કેટલીક કંપનીઓ પણ બજારની અનિશ્ચિત સ્થિતિને જોતા પોતાનુ ઉત્પાદન બંધ કરવા મજબુર બની છે. આર્થિક સંકડામણ અને મોંઘવારીના બેવડા માર થી ઉદ્યોગકારો ભારે આર્થિક મુશ્કેલીમાં મુકાયા છે. સિરામીક ઉદ્યોગની આ મંદીની સીધી અને નકારાત્મક અસર હવે પેપરમીલ ઉદ્યોગ પર પણ સ્પષ્ટપણે જોવા મળી રહી છે. પેપરમીલ એસોસીએશનના અધ્યક્ષ શૈલેષ પટેલના કહેવા પ્રમાણે વેસ્ટ પેપરની કિંમત ૧૮ રૂપીયાથી વધીને હવે સીધી ૨૪ રૂપીયા પ્રતિકિલો થઈ ગઈ છે. આ ઉપરાંત ઈન્ડોનેશિયાથી આયાત થતા કોયલાની કિંમતમાં પણ ૨ હજાર રૂપીયાથી વધુનો જંગી વધારો થયો છે. આ વધેલી લાગત અને સિરામીક ઉદ્યોગમાં માંગ ઘટવાને કારણે પેપરમીલનુ એકસપોર્ટ પણ ભારે પ્રભાવિત થયુ છે. નિષ્ણાંતોએ આશંકા વ્યકત કરી છે કે જો સમયસર પરિસ્થિતિ નહી સુધરે તો આગામી સમયમાં પેપરમીલ અને પેકેજીંગ ઉદ્યોગને પણ ખુબ મોટુ નુકશાન વેઠવુ પડશે.

# MeToo પ્રકરણમાં હોલિવૂડ ફિલ્મમેકરને ૧૫ વર્ષની કેદની સજા

(સંપૂર્ણ સમાચાર સેવા)ન્યૂયોક

ન્યૂયોર્કની એક કોર્ટે હોલિવૂડના જાણીતા ફિલ્મમેકર હાર્વે વીનસ્ટેનને 15 વર્ષની જેલની સજા સંભળાવી છે. 'પ્રોજેક્ટ રનવે' નામના રિયાલિટી ટીવી શોની પ્રોડક્શન ટીમમાં આસિસ્ટન્ટ તરીકે કામ કરતી મિરિયમ હેલી સાથે સંકળાયેલા યૌન અપરાધના કેસમાં દોષિત ઠર્યા બાદ તેને આ સજા ફટકારવામાં આવી છે.ન્યૂયોર્કની કોર્ટે આ સજા 2025માં થયેલા ફરીથી ટ્રાયલના આધારે સંભળાવી છે. સજા સાંભળતી વખતે વીનસ્ટેને પોતાની ભૂલો સ્વીકારીને માફી માંગી હતી, જોકે તેણે પોતાની બેગુનાહી પણ દોહરાવી હતી. ન્યૂયોર્કના જજએ કહ્યું હતું કે, 'વીનસ્ટેનને તેની ફિલ્મો માટે યાદ કરવામાં આવી શકે છે, પરંતુ તેના આ કૃત્યોની સામે તેની ઓળખ નાની પડી જાય છે.'

### વિશ્વભરમાં ઓઈલ સંકટ વચ્ચે મોટો વળાંક

# હોર્મુઝ ખોલવા ઈરાને અમેરિકાને આપી સાત દિવસની ડેડલાઈન

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

વિશ્વવ્યાપી ક્રૂડ ઓઈલ સંકટ વચ્ચે એક મોટો રાજકીય અને કૂટનીતિક વળાંક આવ્યો છે. ઈરાને અમેરિકા સમક્ષ હોર્મુઝ જળમાર્ગ ફરીથી ખોલવા અને છેલ્લા લગભગ ૭ મહિનાથી ચાલી રહેલા સંઘર્ષના કાયમી ઉકેલ માટે વાતચીત શરૂ કરવા ૭ દિવસની નવી યોજના રજૂ કરી છે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ જણાવ્યું કે, તેહરાનની આ નવી દરખાસ્ત જૂન મહિનામાં થયેલા અગાઉના સમજુતી પત્ર જેવી જ છે, જે તે સમયે અમલમાં આવી શકી નહોતી.

ઈરાનના મધ્યસ્થીઓએ વ્હાઈટ હાઉસને પોતાની દરખાસ્ત સુપરત કરી દીધી છે. જો આ પ્રસ્તાવ સ્વીકારાય તો પર્શિયન ગલ્ફ અને ઓમાનની ખાડી વચ્ચેનો આ વ્યૂહાત્મક દરિયાઈ માર્ગ એક અઠવાડિયાની અંદર ફરી ખુલી શકે છે, જ્યાંથી દુનિયાનો આશરે પાંચમો ભાગ એટલે કે ૨૦% ઊર્જા પુરવઠો પસાર થાય છે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દરમિયાન યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં અરાઘચીએ જણાવ્યું હતું કે, અમે મધ્યસ્થીઓ દ્વારા અમેરિકા સમક્ષ યોજના મૂકી છે. જો નક્કી કરેલી શરતો પૂર્ણ થાય તો ૭મા દિવસના અંતે હોર્મુઝ જળમાર્ગ ખુલી જશે અને બંને દેશો વચ્ચેની સત્તાવાર વાતચીત ફરી શરૂ થશે. ઈરાની વિદેશ મંત્રીએ સ્પષ્ટ કર્યું હતું કે, તેહરાન કોઈ ઉતાવળમાં નથી, પરંતુ જો અમેરિકામાં મધ્યસત્ર ચૂંટણી પહેલાં આ કરાર થઈ જાય તો તે વધુ હિતાવહ રહેશે. તેમણે જણાવ્યું કે, જે ક્ષણે અમેરિકન વહીવટીતંત્ર આ દરખાસ્તનો સ્વીકાર કરશે, તેના બીજા જ દિવસથી આ ૭ દિવસની સમયરેખા શરૂ થઈ જશે. જોકે આ નવી દરખાસ્તમાં પરમાણુ મુદ્દાઓનો સમાવેશ છે કે નહીં તે અંગે તેમણે કોઈ સ્પષ્ટતા કરી નથી. અમેરિકા ઈચ્છે છે કે ઈરાન પરમાણુ હથિયારો વિકસાવવા પર કડક નિયંત્રણો સ્વીકારે, જ્યારે ઈરાન પોતાના નાગરિક પરમાણુ કાર્યક્રમને ચાલુ રાખવા પર મક્કમ છે.

વાતચીત સાથે સંકળાયેલા એક વરિષ્ઠ અમેરિકી અધિકારીએ જણાવ્યું હતું કે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ નું વહીવટીતંત્ર મધ્યસ્થીઓ મારફતે હકારાત્મક અને રચનાત્મક ચર્ચા ચલાવી રહ્યું છે, પરંતુ અમેરિકા ઉતાવળિયું પગલું ભરવાના મૂડમાં નથી. તેમણે ઉમેર્યું કે હોર્મુઝ જળમાર્ગ પર સુરક્ષા નિયંત્રણ હોવાના કારણે અમેરિકા ખૂબ જ મજબૂત સ્થિતિમાં છે અને ગઈકાલે રાત્રે જ આ માર્ગ પરથી આશરે ૨૨ મિલિયન બેરલ તેલ પસાર થયું છે. ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાનએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે આ સંઘર્ષ ક્યારે સમાપ્ત થશે તેનો અંતિમ નિર્ણય અમેરિકાના હાથમાં છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે ઈરાન આ તણાવને આગળ વધારવા માંગતું નથી, પરંતુ તે ક્યારેય અમેરિકાના અન્યાયી દબાણ સામે ઝૂકશે પણ નહીં. યુદ્ધ સમાપ્ત કરવાના માર્ગોને લઈને બંને દેશો વચ્ચે હજુ પણ ઊંડા મતભેદો પ્રવર્તી રહ્યા છે.

અમેરિકી પ્રમુખે તાજેતરમાં નિવેદન આપતાં જણાવ્યું હતું કે જો કરાર નહીં થાય તો ઈરાન સામે આકરા પગલાં લઈ શકાય છે, પરંતુ સાથે જ તેમણે ટૂંક સમયમાં સમજૂતી થવાની સંભાવના પણ વ્યક્ત કરી હતી. આ અગાઉ જૂનમાં પણ યુદ્ધવિરામનો પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો, કારણ કે તેહરાન તેને હોર્મુઝ પર પોતાના આધિપત્યની માન્યતા તરીકે રજૂ કરી રહ્યું હતું, જેને અમેરિકા અને તેના સહયોગી દેશોએ ફગાવી દીધું હતું.

# પ્રાકૃતિક ખેતીથી હળદરની ઉપજ બમણી થઈ: વૈજ્ઞાનિકોએ કરેલા પ્રયોગોમાં જબરદસ્ત સફળતા મળી

ગાંધીનગર: ભારતમાં પ્રાકૃતિક ખેતી પદ્ધતિને વધુ મજબૂત વૈજ્ઞાનિક આધાર પૂરો પાડવાના હેતુથી હાથ ધરાયેલા બાયોટેકનોલોજી આધારિત સંશોધન કાર્યક્રમમાં ગુજરાતમાં હળદરની પ્રાકૃતિક ખેતીમાં મહત્વપૂર્ણ સફળતા મળી છે.



ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર (GBRC) અને સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ વિશ્વવિદ્યાલય (SDAU) દ્વારા સંયુક્ત રીતે હળદરની ખેતીમાં પ્રાકૃતિક ખેતી પદ્ધતિનાં ફિલ્ડ ટ્રાયલ કરવામાં આવ્યાં હતા.

આ પ્રયોગોમાં જાણવા મળ્યું કે, રાસાયણિક ખેતીની સરખામણીમાં પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી હળદરની ખેતી કરવાથી ઉત્પાદન બમણાથી પણ વધુ થાય છે.

આ પ્રયોગ વિશે એ શોધ-નિબંધ પણ તાજેતરમાં એક પ્રસિદ્ધ જર્નલમાં પ્રકાશિત થયો છે.

વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું કે, "BMC Plant Biology જર્નલમાં પ્રકાશિત થયેલા આ અભ્યાસમાં, પરંપરાગત રાસાયણિક ખેતીની તુલના પ્રાકૃતિક ખેતીની નવ અલગ-અલગ ટ્રીટમેન્ટ કોમ્બિનેશન સાથે કરવામાં આવી હતી. પ્રાકૃતિક ખેતી પદ્ધતિ હેઠળ હેક્ટરદીઠ ૪૦ ટનથી વધુ હળદરની ઉપજ થઈ, જ્યારે પરંપરાગત ખેતીમાં હેક્ટરદીઠ ૧૯.૩ ટન ઉપજ મળી. અભ્યાસનાં આ તારણો ખેડૂતો-કૃષિ વૈજ્ઞાનકો માટે પ્રાકૃતિક ખેતી તરફ વૈજ્ઞાનિક પદ્ધતિથી આગળ વધવાની પ્રેરણા આપશે."

હળદર 'ગોલ્ડન સ્પાઈસ' તરીકે ઓળખાય છે અને ભારતમાં ખાદ્ય, ફાર્માસ્યુટિકલ તથા પરંપરાગત ઔષધ ક્ષેત્રમાં તેનું મહત્વપૂર્ણ સ્થાન છે. તેમાં રહેલું સક્રિય ઘટક કરક્યુમિન સ્થાનિક તેમજ આંતરરાષ્ટ્રીય બજારમાં તેની વધતી માંગનું પણ મહત્વનું કારણ છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા જમીનની તંદુરસ્તી સુધારવા, ખેડૂતોના ખેતી ખર્ચમાં ઘટાડો કરવા અને ભારતીય કૃષિને વધુ ટકાઉ બનાવવા માટે પ્રાકૃતિક તથા રસાયણમુક્ત ખેતીને પ્રોત્સાહિત કરવામાં આવી છે.

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત ગામેગામ પ્રવાસ કરીને ગાય આધારિત પ્રાકૃતિક ખેતી મોડલને પ્રોત્સાહન આપી રહ્યા છે. તેઓ ખેડૂતોને રાસાયણિક ખાતરો અને જંતુનાશકો પરની નિર્ભરતા ઘટાડવા માટે પ્રેરિત કરી રહ્યા છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનાં નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે પ્રાકૃતિક અને ઓછા ખર્ચે થતી ખેતીને પ્રોત્સાહન આપવા માટે નોંધપાત્ર પ્રયાસો કર્યા છે.

**પરંપરાગત પદ્ધતિઓ સાથે આધુનિક વિજ્ઞાનનું સંકલન**

કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે, "આ તારણો બાયોટેકનોલોજી ઈન્ટરવેન્શન્સ થ્રૂ નેટવર્ક રિસર્ચ પ્રોગ્રામ ઓન ભારતીય પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ (BPKP) હેઠળ જાણવા મળ્યાં છે. આ કાર્યક્રમનો હેતુ પાકની ઉત્પાદકતા વધારવા, જમીનની તંદુરસ્તી પુનઃસ્થાપિત કરવા અને પર્યાવરણને અનુકૂળ ટકાઉ ખેતીને પ્રોત્સાહન આપવા માટે ભારતની પરંપરાગત ખેતી પદ્ધતિઓને આધુનિક વૈજ્ઞાનિક સાધનો સાથે સાંકળવાનો છે."

"આ કાર્યક્રમ હેઠળ આઠ કૃષિ-આબોહવાકીય ઝોનમાં ૧૮ પાકને આવરી લેવામાં આવ્યા છે. સંશોધકો એ અભ્યાસ કરી રહ્યા છે કે ઉત્પાદક અને રસાયણમુક્ત ખેતી વ્યવસ્થાઓ વિકસાવવા માટે પ્રાકૃતિક ખેતી પદ્ધતિઓ અને બાયોટેકનોલોજી એકબીજાના પૂરક બનીને કેવી રીતે કામ કરી શકે." શ્રી જીતુભાઈ વાઘાણીએ વધુમાં ઉમેર્યુ હતું.

ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન (GSBTM)નાં મિશન ડિરેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાએ જણાવ્યું કે, "સંશોધકોએ ભારતીય ખેતીમાં પરંપરાગત રીતે ઉપયોગમાં લેવાતા જૈવિક ફોર્મ્યુલેશન પર આધારિત પ્રાકૃતિક ખેતી પદ્ધતિઓનું મૂલ્યાંકન કર્યું હતું. તેમાં બીજની માવજત માટે ઉપયોગમાં લેવાતું બીજામૃત, પ્રવાહી બાયોસ્ટિમ્યુલન્ટ તરીકે ઉપયોગમાં લેવાતું જીવામૃત અને ઘન પ્રાકૃતિક ખેતી ઈનપુટ તરીકે ઉપયોગમાં લેવાતું ઘનજીવામૃત સામેલ હતાં. આ ટ્રીટમેન્ટ સાથે ઘઉંના પરાળનું મલ્ચિંગ કરવામાં આવ્યું હતું, જેના કારણે જમીનમાં કાર્બનિક દ્રવ્ય જળવાઈ રહેવા સાથે સૂક્ષ્મજીવોની પ્રવૃત્તિ માટે અનુકૂળ જમીન સ્થિતિ જાળવવામાં મદદ મળી હતી."

**કૃષિ વૈજ્ઞાનિકોએ ખેડૂતોને તાલીમ આપી**

સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ વિશ્વ વિદ્યાલયનાં કુલપતિ પ્રો. રાજેશ્વર સિંહ ચંદેલે જણાવ્યું કે, "કૃષિ વિશ્વ વિદ્યાલય ખાતે પ્રયોગને મળેલી સફળતા બાદ ખેડૂતોને હળદરની પ્રાકૃતિક ખેતી કરવા માટે તાલીમ આપવામાં આવી અને તેમાં પણ સરસ પરિણામો આવ્યા અને હવે ઘણા ખેડૂતો આ પદ્ધતિથી હળદરની ખેતી કરતા થયા છે અને તેમની આવકમાં વૃદ્ધિ થઈ છે. કૃષિ વૈજ્ઞાનિકો ખેડૂતોને મૂલ્યવર્ધનમાં પણ મદદ કરે છે."

**બાયોટેકનોલોજીથી નવા વૈજ્ઞાનિક તારણો**

આ કાર્યક્રમનો મહત્વપૂર્ણ હિસ્સો એ છે કે પ્રાકૃતિક ખેતીમાં ઉપયોગમાં લેવાતા ઈનપુટ્સ છોડની વૃદ્ધિ અને પાકના પ્રદર્શનને કેવી રીતે અસર કરે છે તે સમજવા માટે બાયોટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

GBRCના જોઈન્ટ ડિરેક્ટર ડૉ. સ્નેહલ બગથરિયાએ જણાવ્યું કે, "ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર (GBRC) દ્વારા બીજામૃત, જીવામૃત, ઘનજીવામૃત તથા બાયોકંટ્રોલ એજન્ટ તરીકે ઉપયોગમાં લેવાતા અન્ય પ્રાકૃતિક ખેતીના બાયોફોર્મ્યુલેશન સહિતના મહત્વપૂર્ણ પ્રાકૃતિક ખેતી ઈનપુટ્સનું વિગતવાર માઈક્રોબિયલ અને મેટાબોલોમિક વિશ્લેષણ કરવામાં આવ્યું હતું."

"આ વિશ્લેષણમાં અનેક લાભદાયી સૂક્ષ્મજીવો તથા ૧૧ અલગ-અલગ વર્ગોમાં આવતા આશરે ૩૦૦થી ૫૦૦ મહત્વપૂર્ણ મેટાબોલાઈટ્સની ઓળખ થઈ હતી. આમાંથી કેટલાક જમીનની તંદુરસ્તી, છોડની વૃદ્ધિને પ્રોત્સાહિત કરવામાં અને પાકની પ્રતિકારક ક્ષમતા વધારવામાં ભૂમિકા ભજવી શકે છે," સ્નેહલ બગથરીયાએ વધુમાં જણાવ્યું.

**લાભદાયી સૂક્ષ્મજીવોની શોધ**

કાર્યક્રમના બાયોટેકનોલોજી ઘટકમાં પ્રાકૃતિક ખેતી હેઠળની જમીનમાં જોવા મળતા સૂક્ષ્મજીવોના સમુદાય પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

CSIR-સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ્સ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (CSIR-CSMCRI), ભાવનગરના વૈજ્ઞાનિકોએ પ્રાકૃતિક ખેતી પદ્ધતિ હેઠળ ખેતી કરવામાં આવેલી જમીનમાંથી છોડની વૃદ્ધિને પ્રોત્સાહન આપતા અનેક સૂક્ષ્મજીવોને અલગ તારવ્યા છે. આ સૂક્ષ્મજીવ સંસાધનો કુદરતી બાયોફર્ટિલાઈઝર અને અન્ય જૈવિક ખેતી ઈનપુટ્સ વિકસાવવા માટેનો આધાર બની શકે છે અને તેનાથી ખેડૂતોની કૃત્રિમ કૃષિ રસાયણો પરની નિર્ભરતા ઘટાડવામાં મદદ મળી શકે છે.

**★આર્થિક પરિણામો પણ નોંધપાત્ર**

અભ્યાસ મુજબ, હળદરની પ્રાકૃતિક ખેતી માટેનાં ઈનપુટ્સ ખરીદવા પડ્યા હોવા છતાં પ્રાકૃતિક ખેતી હેઠળ હેક્ટરદીઠ રૂ. ૧૦.૫ લાખથી વધુનું ચોખ્ખું વળતર નોંધાયું હતું, જ્યારે પરંપરાગત ખેતીમાં હેક્ટરદીઠ આશરે રૂ. ૩.૬૧ લાખનું વળતર મળ્યું હતું.

આ તફાવત ઊંચી ઉપજ તથા મોંઘા કૃત્રિમ કૃષિ ઈનપુટ્સ પરની ઓછી નિર્ભરતાના સંયુક્ત પરિણામને દર્શાવે છે.

**★જમીનમાં જીવંત ઈકોસિસ્ટમ**

અભ્યાસમાં એ પણ જાણવા મળ્યું કે, પ્રાકૃતિક ખેતીથી જમીનમાં લાભદાયી સૂક્ષ્મજીવોની સંખ્યામાં વધારો થયો હતો. આ સૂક્ષ્મજીવો કાર્બનિક દ્રવ્યના વિઘટન, પોષક તત્વોના પુનઃચક્રણ અને છોડમાં રોગ ફેલાવતા રોગકારકોને નિયંત્રિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

પરંપરાગત ખેતી પદ્ધતિઓનું બાયોટેકનોલોજી સાથે સંકલન રાજ્યમાં ઓછા ખર્ચે અને પર્યાવરણને અનુકૂળ ટકાઉ ખેતીના વિસ્તરણ માટે વધુ મજબૂત વૈજ્ઞાનિક આધાર પૂરો પાડી શકે છે.

### બિહાર જેવો કાંડ હવે યુપીમાં પણ જોવા મળ્યો

# પ્રેમી-પ્રેમિકાને રોકી છેડતી કરી, ૧૫૦૦ રુપિયા પણ લૂંટી લીધા

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા

બિહારના જમુઈમાં હજુ થોડા દિવસ પહેલા જ પ્રેમી-પ્રેમિકાને અમુક યુવકોએ ઘેરીને છેડતી કરી હતી, જેનો વીડિયો પણ સામે આવ્યો હતો. હવે જમુઈ જેવી ઘટના ઉત્તર પ્રદેશના બદાયૂં જિલ્લામાંથી સામે આવી છે. હકીકતમાં જોઈએ તો બદાયૂંમાં પ્રેમી-પ્રેમિકાને ઘેરી છેડતી કરી મારપીટ કરી તેમના રૂપિયા લૂંટી લીધા. આ મામલામાં પોલીસે ૪ લોકો વિરુદ્ધ છેડતી, આઈટી એક્ટ સહિત ગંભીર ધારાઓમાં ફરિયાદ નોંધી લીધી છે. પોલીસે ફરિયાદ નોંધ્યા બાદ ૩ યુવકોની ધરપકડ કરી છે. આ મામલો ૧૭ સપ્ટેમ્બરનો હોવાનું કહેવાય છે.

હકીકતમાં જોઈએ તો, ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સ્કૂલેથી પરત ફરતી વખતે પ્રેમી-પ્રેમિકાને જંગલમાં પહોંચેલા ચાર યુવકોએ છેડતી કરતો વીડિયો બનાવ્યો હતો. વળી યુવકોએ પ્રેમી-પ્રેમિકામાંથી ૧૫૦૦ રૂપિયા પણ છીનવી લીધા. ઘટના બાદ પીડિતાએ આ ઘટનાને છુપાવી રાખી હતી. લોકલાજના ડરથી પિતાએ આ વાત કોઈને પણ કહી નહીં. ઘટના બાદ વીડિયોને છેડતી કરનારા યુવકોએ ફેલાવવાનું શરૂ કર્યું. આ વાતની જાણ પોલીસને થઈ ગઈ. ત્યારે પોલીસે આ ઘટનાની જાણકારી લેવા પીડિતા સાથે પૂછપરછ કરી અને પૂછપરછ બાદ ફરિયાદ નોંધી લીધી. વળી આ મામલામાં યુવકો પાસેથી વીડિયો લઈને પોલીસે ડિલીટ કરાવી દીધો છે. વળી ચોથો આરોપી જિતેશને પોલીસ શોધી રહી છે. જ્યારે અમુક અજાણ્યા લોકો પણ આ ઘટનામાં સામેલ હતા. આ મામલામાં પોલીસે ગુરુવારે ફરિયાદ નોંધતા સુગેન્દ્ર કુમાર યાદવ, બેચ જાટવ, છોટે જાટવની ધરપકડ કરી લીધી છે. જ્યારે ચોથો આરોપી જિતેશ હજુ પણ ફરાર છે. વળી અન્ય લોકો પણ આ ઘટનામાં સામેલ છે. જેમને પોલીસ શોધી રહી છે.

# બગોદરામાં ગણપતિ વિસર્જન કરવા પડેલા બે કિશોરો ડૂબ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ જિલ્લાના બગોદરા વિસ્તારમાંથી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. બગોદરાના શિયાળ રોડ પર આવેલી થાળાવાળી ડબમાં ગણપતિ પધરાવવા માટે કેટલાક કિશોરો ગયા હતા, તે દરમિયાન ગણપતિ વિસર્જન વેળાએ અચાનક પાણીમાં ઊંડાણમાં ઉતરી જવાથી બે કિશોરો ડૂબી ગયા હતા.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ ત્વરિત ઘટના સ્થળે દોડી આવી હતી. આ ઉપરાંત પરિસ્થિતિની ગંભીરતાને જોતા SDRFની ટીમ પણ ઘટના સ્થળે પહોંચી ગઈ છે, અને બચાવ કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી છે. આ બનાવને પગલે આસપાસના લોકોના ભારે ટોળે ટોળા ઉમટી પડ્યા હતા.

આ દુર્ઘટનામાં ડૂબી ગયેલા બંને કિશોરો બગોદરાના જ સ્થાનિક રહેવાસી છે. જે પૈકી મહાવીરસિંહ ગંભુભાઈ ચૌહાણ નામના કિશોરને તરતા આવડતું હોવાને કારણે તેનો સમયસૂચકતાથી આબાદ બચાવ થઈ ગયો છે, જેનાથી પરિવાર અને રાહદારીઓએ રાહતનો શ્વાસ લીધો છે.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ગાંધીનગર મનપામાં કોંગ્રેસ બાદ ભાજપે ૮ વોર્ડમાં ઉમેદવારોની યાદી કરી જાહેર

પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગર મ્યુનિસીપલ કોર્પોરેશનની ચુંટણીને લઈને રાજકીય પક્ષો દ્વારા ઉમેદવારોની યાદીઓ જાહેર કરવામાં આવી છે. કોંગ્રેસ બાદ ભાજપે ૮ વોર્ડના ઉમેદવારો જાહેર કર્યા છે. જેમાં વોર્ડ નં. ૩ માં થી કોંગ્રેસ છોડીને ભાજપમાં આવેલા અંકિત બારોટને ભાજપે ઉમેદવાર બનાવ્યા છે. ભાજપે વોર્ડ નં. ૧ માં શિલ્પાબેન કનુજી ઠાકોર, અંજનાબેન સુરેશભાઈ મહેતા, ગૌરાંગ સુરેશભાઈ પટેલ, મહેશકુમાર નટુભાઈ ચૌધરી (મેટ્રો), વોર્ડ નં. ૩ માં મિતલબેન હાર્દિકભાઈ ખિમસુરીયા, સોનાલીબેન ઉરેનકુમાર પટેલ, અંકિત અશ્વિનભાઈ બારોટ, ઉમેશભાઈ રમેશચંદ્ર જહાં વોર્ડ નં. ૫ માં હેમાબેન મંથનકુમાર ભટ્ટ, ધ્વનિ ધવલ શાહ, કનૈયાલાલ ગાંડાભાઈ દેસાઈ, કિંજલ કુમાર દશરથભાઈ પટેલ, વોર્ડ નં. ૭ માં કિંજલબેન દિનેશભાઈ ઠાકોર, સોનલબા ઘનશ્યામસિંહ વાઘેલા, ભાવિક ગુણવંતભાઈ સુતરીયા, શૈલેષકુમાર વિઠ્ઠલભાઈ પટેલ, વોર્ડ નં. ૮ માં મનીષાબેન મિતેશકુમાર પ્રજાપતિ, અમિતાબેન કમલેશભાઈ ઉપાધ્યાય, વિષ્ણુજી ગાંડાજી ઠાકોર, મેહુલભાઈ રમણભાઈ પટેલ, વોર્ડ નં. ૯ માં શારદાબેન કાળાજી ઠાકોર, વૈદેહિ બિપીન રાવલ, જયંતિભાઈ સદાભાઈ ડાભી, મહેન્દ્રભાઈ પ્રહલાદભાઈ પટેલ (દાસ) વોર્ડ નં. ૧૦ માં તન્વીબેન વિશ્વેશભાઈ પટેલ, વિલાસબા રાજેન્દ્રસિંહ વાઘેલા, ધર્મેન્દ્રકુમાર વિષ્ણુકુમાર નાયી, ગૌરાંગ દશરથભાઈ પટેલ અને વોર્ડ નં. ૧૧ માં કમુબેન માણેકજી ઠાકોર, સેજલબેન કનુભાઈ પરમાર, જશવંતલાલ અંબાલાલ પટેલ અને રવિ દિનેશભાઈ પટેલ.




# અમદાવાદ ડિવિઝનના રેલવે સ્ટેશનો પર પીવાના પાણીની ગુણવત્તાની સઘન ચકાસણી

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા 'સ્વચ્છતા હી સેવા–૨૦૨૬' અભિયાન અંતર્ગત મુસાફરોના સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપતાં વિવિધ રેલવે સ્ટેશનો પર પીવાના પાણીની ગુણવત્તાની સઘન તપાસ કરવામાં આવી રહી છે.

મંડળના મેડિકલ વિભાગના હેલ્થ ઈન્સ્પેક્ટરો દ્વારા વિવિધ સ્ટેશનો પર નિયમિત અને સઘન નિરીક્ષણ કરીને વોટર કૂલર, વોટર બૂથ તથા વોટર હટમાંથી પીવાના પાણીના નમૂનાઓ લેવામાં આવી રહ્યા છે. આ વિશેષ અભિયાન અંતર્ગત જનસ્વાસ્થ્ય અને મુસાફર સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે મંડળના તમામ રેલવે સ્ટેશનોને સંપૂર્ણપણે આવરી લેવામાં આવ્યા છે. આ પહેલના ભાગરૂપે મેડિકલ, એન્જિનિયરિંગ અને ઈલેક્ટ્રિકલ વિભાગો દ્વારા સંયુક્ત નિરીક્ષણ કરીને સમગ્ર જળ પુરવઠા પ્રણાલીનું સઘન મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.





આ સંયુક્ત અભિયાન દરમિયાન મુસાફરો સાથે સંબંધિત મુખ્ય સ્થળો જેમ કે વોટર કૂલર, નળના પાણીની ટાંકીઓની વ્યાપક તપાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. અભિયાન દરમિયાન પાણીના નમૂનાઓની તપાસના પરિણામો અત્યંત સંતોષકારક રહ્યા. બેક્ટેરિયોલોજિકલ ટેસ્ટિંગ (જીવાણુ પરીક્ષણ)માં કુલ ૧૯૮માંથી ૯૩.૪૩% નમૂનાઓ સંપૂર્ણપણે યોગ્ય જણાયા, જેના પરિણામે સો ટકા યોગ્યતા દર નોંધાયો. રેસિડ્યુઅલ ક્લોરીનેશન ટેસ્ટિંગ (અવશિષ્ટ ક્લોરીન પરીક્ષણ)માં કુલ ૮૭૭ પરીક્ષણોમાંથી ૮૮.૮૨ નમૂનાઓ નિર્ધારિત ધોરણો મુજબ યોગ્ય જણાયા. ક્લોરીન પરીક્ષણમાં જે કેટલાક નમૂનાઓમાં ઘટાડો જોવા મળ્યો હતો, તેમના માટે તકનીકી ટીમો દ્વારા તાત્કાલિક સુધારાત્મક કાર્યવાહી અને રી-ક્લોરીનેશન (ફરીથી ક્લોરીન ઉમેરવાની પ્રક્રિયા) સુનિશ્ચિત કરવામાં આવી હતી. અમદાવાદ મંડળ પોતાના તમામ સ્ટેશનો પર સતત અને સુરક્ષિત પીવાના પાણીનો પુરવઠો જાળવી રાખવા માટે માળખાકીય સુવિધાઓની સઘન દેખરેખ માટે પ્રતિબદ્ધ છે.

# ભારતીય રેલવે ભુજ અને બરૌની વચ્ચે નવી ત્રિ-સાપ્તાહિક અમૃત ભારત એક્સપ્રેસ શરૂ કરશે

## નવી સેવા ૨,૫૩૨ કિમીનું અંતર આવરી લેતા ગુજરાત, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને બિહારને જોડશે

ભારતીય રેલવેએ ગુજરાતના ભુજ અને બિહારના બરૌની વચ્ચે નવી ત્રિ-સાપ્તાહિક અમૃત ભારત એક્સપ્રેસ શરૂ કરવાની મંજૂરી આપી છે. મંડળ રેલ પ્રબંધક, અમદાવાદ શ્રી વેદ પ્રકાશે જણાવ્યું કે આ નવી સેવા ગુજરાત, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને બિહારના મહત્વના સ્થળોને જોડતી ૨,૫૩૨ કિમીનું અંતર આવરી લેશે

**અઠવાડિયામાં ત્રણ દિવસ ઓપરેટ થનારી સેવા**

ટ્રેન નં. ૧૯૪૨૭ ભુજ-બરૌની અમૃત ભારત એક્સપ્રેસ ભુજથી ૧૭:૩૦ વાગ્યે ઉપડશે અને ૦૪:૦૫ વાગ્યે બરૌની પહોંચશે. વળતી દિશામાં, ટ્રેન નં. ૧૯૪૨૮ બરૌની-ભુજ અમૃત ભારત એક્સપ્રેસ બરૌનીથી ૨૩:૫૫ વાગ્યે ઉપડશે અને ૧૩:૧૫ વાગ્યે ભુજ પહોંચશે.

ભુજ-બરૌની સેવા સોમવાર, બુધવાર અને શનિવારે ચાલશે, જ્યારે બરૌની-ભુજ સેવા મંગળવાર, ગુરુવાર અને શનિવારે ચાલશે.

**જોડાનારા મુખ્ય સ્ટેશનો**

નવી સેવા માર્ગમાં સામખિયાલી, અમદાવાદ, રતલામ, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, ભરતપુર, મથુરા, હાથરસ, બરેલી, ઈઝ્ઝતનગર, પીલીભીત, લખીમપુર, ગોંડા, ગોરખપુર, સિવાન, છાપરા, હાજીપુર, મુઝફ્ફરપુર અને સમસ્તીપુર સહિત અનેક મહત્વના સ્ટેશનો પર વ્યવસાયિક સ્ટોપેજ ધરાવશે. આ નવી ટ્રેન સેવા દેશના પશ્ચિમ અને પૂર્વ ભાગો વચ્ચે રેલ મુસાફરીનો વધારાનો વિકલ્પ પૂરો પાડશે અને ગુજરાત, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને બિહાર વચ્ચે મુસાફરી કરતા મુસાફરો માટે કનેક્ટિવિટીમાં સુધારો કરશે.

# સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત ભાવનગરને રૂ.૭૩૮.૦૯ કરોડના વિકાસકાર્યોની ભેટ

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્રસેવા અને જનસેવાના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે સમગ્ર દેશમાં ચાલી રહેલા 'સેવા, સંકલ્પ અને સમર્પણ' અભિયાન અંતર્ગત મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આજે ભાવનગર શહેર-જિલ્લાને રૂ.૭૩૮.૦૯ કરોડના ૭૯ વિકાસકાર્યોની ભેટ આપી હતી. મુખ્યમંત્રીશ્રીના હસ્તે વિવિધ વિકાસકાર્યોનું ઈ-લોકાર્પણ તથા ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકાસની રાજનીતિને નવી દિશા આપી છે. જનસેવાને કેન્દ્રમાં રાખીને છેવાડાના માનવી સુધી સરકારની યોજનાઓના લાભ પહોંચે અને સામાન્ય નાગરિકનું જીવન વધુ સુવિધાયુક્ત બને તે દિશામાં સરકાર સતત કાર્યરત છે.

મુખ્યમંત્રીશ્રીએ ભાવનગરની સ્વચ્છતાની પ્રશંસા કરતાં જણાવ્યું કે સ્વચ્છતા માત્ર સરકાર કે સફાઈ કર્મચારીઓની જવાબદારી નથી પરંતુ દરેક નાગરિકની સહભાગિતાથી જ સ્વચ્છ શહેરનું નિર્માણ થઈ શકે છે. ભાવનગરના નાગરિકોએ સ્વચ્છતાને પોતાના સ્વભાવ અને સંસ્કારનો હિસ્સો બનાવ્યો છે તે આનંદની બાબત છે.

વિકાસની સાથે ભાવિ પેઢી માટે પાણી અને પર્યાવરણનું સંરક્ષણ કરવાની જરૂરિયાત પર ભાર મૂકતાં મુખ્યમંત્રીશ્રીએ 'કેચ ધ રેઈન' જેવી પહેલોને જનભાગીદારીથી આગળ ધપાવવાની હાકલ કરી હતી. વરસાદી પાણીનો મહત્તમ સંગ્રહ અને ભૂગર્ભજળના રિચાર્જ માટે આયોજનબદ્ધ પ્રયાસો કરવા તેમણે સૌને અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ 'વિકાસ ભી, વિરાસત ભી'ના મંત્રને આગળ ધપાવતા જણાવ્યું કે આપણી સંસ્કૃતિ, સંસ્કાર અને પર્યાવરણનું જતન કરીને જ વિકાસને ટકાઉ બનાવી શકાય. 'એક પેડ મા કે નામ' જેવી પહેલો સાથે જોડાઈ પર્યાવરણ સંરક્ષણમાં નાગરિકોની ભાગીદારી વધારવા તેમણે આહ્વાન કર્યું હતું.

વડાપ્રધાનશ્રીના નેતૃત્વ હેઠળ આયુષ્માન ભારત સહિતની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓના લાભો સામાન્ય માનવી સુધી પહોંચ્યા હોવાનું જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે સરકારની યોજનાઓનો લાભ કોઈ પાત્ર વ્યક્તિથી વંચિત ન રહે તે માટે સેવા સંકલ્પ અભિયાન દરમિયાન જનભાગીદારીથી પ્રયાસો કરવા જરૂરી છે.

મુખ્યમંત્રીશ્રીએ ભાવનગરના વિકાસમાં ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને થઈ રહેલા વિવિધ આયોજનનો ઉલ્લેખ કરતાં કહ્યું કે વિકાસ માત્ર આજની જરૂરિયાતો પૂરતો સીમિત ન રહે પરંતુ આવતીકાલની પેઢીને પણ વધુ સુવિધાસભર અને સમૃદ્ધ ભાવનગર મળે તે દિશામાં સરકાર કાર્યરત છે.

આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ સેવા સંકલ્પ અભિયાનને જનભાગીદારીનું અભિયાન બનાવી વિકસિત ભારતના સંકલ્પ સાથે વિકસિત ગુજરાત અને વિકસિત ભાવનગરના નિર્માણમાં સહભાગી બનવા સૌને આહ્વાન કર્યું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાએ જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નાગરિક દેવો ભવઃ અને 'સૌનો સાથ, સૌનો વિકાસ'ના મંત્ર સાથે જનસેવાને વધુ સુલભ બનાવવામાં આવી રહી છે. નવી કલેક્ટર કચેરી આધુનિક સુવિધાઓ સાથે નાગરિકોને ઝડપી સેવાઓ પૂરી પાડશે.

તેમણે જણાવ્યું કે અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસવે ભાવનગર માટે ગેમ ચેન્જર બની રહ્યો છે. ભાવનગરમાં શરૂ થયેલું SIPPA કેન્દ્ર યુવાનોને GPSC-UPSCની તૈયારી માટે નવી તકો આપશે, જ્યારે નારી ખાતે STPI માટે જમીન ફાળવણીથી IT ક્ષેત્રે રોજગારીની તકો વધશે.

રાષ્ટ્રીય વયોશ્રી યોજના હેઠળ જિલ્લામાં ૧૦ હજારથી વધુ લોકોનું એસેસમેન્ટ અને ૧૪ જેટલા કેમ્પો યોજાયા છે. વૃદ્ધજનો અને દિવ્યાંગોને સહાયક સાધનો નિઃશુલ્ક આપવામાં આવી રહ્યાં છે. ભાવનગરના વિકાસને વેગ આપવા બદલ તેમણે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે કૃષિ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ભાવનગરના સર્વાંગી વિકાસને સતત વેગ મળી રહ્યો છે. આજે રૂ.૭૩૮ કરોડના ૭૯ વિકાસકાર્યો જનતાને અર્પણ થઈ રહ્યા છે. આજે નવી કલેક્ટર કચેરીનું લોકાર્પણ પણ થયું છે.

મંત્રીશ્રીએ જણાવ્યું કે, ભાવનગરની કનેક્ટિવિટી વધુ સુદૃઢ બનાવવા રૂ.૬૫૦ કરોડના મહત્વપૂર્ણ બ્રિજ પ્રોજેક્ટને મંજૂરી મળી છે. આ પ્રોજેક્ટથી શહેરના ટ્રાફિકનું ભારણ ઘટશે અને રાજકોટ, સોમનાથ, ધોલેરા સહિતના વિસ્તારો સાથેની અવરજવર વધુ સરળ બનશે. અલંગ, ઉદ્યોગ અને ધોલેરા જેવા વિકાસક્ષેત્રોને મળતા વેગથી ભાવનગરમાં આગામી સમયમાં રોજગાર અને રોકાણની નવી તકો ઊભી થશે.

### રમત, જ્ઞાન અને ટીમવર્ક દ્વારા પોષણ જાગૃતિનો સંદેશ

# મંડળીય રેલવે હોસ્પિટલ ભાવનગર ખાતે પોષણ માસ-૨૦૨૬ અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ સ્થિત મંડળીય રેલવે હોસ્પિટલ, ભાવનગર (DRH-BVP) ખાતે ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ પોષણ માસ-૨૦૨૬ અંતર્ગત ઓડિટોરિયમ કક્ષમાં પોષણ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો ઉદ્દેશ રમત, જ્ઞાન અને ટીમવર્કના માધ્યમથી સંતુલિત અને સ્વસ્થ આહાર પ્રત્યે જાગૃતિ વધારવાનો હતો.

મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં પ્રતિભાગીઓને ટીમ A "પોષણ પ્રેરણા" અને ટીમ B "પોષણ શક્તિ"માં વિભાજિત કરવામાં આવ્યા હતા. આ દરમિયાન ફૂડ રંગોળી ચેલેન્જ, પોષણ ક્વિઝ અને પોષણ બાસ્કેટ રિલે જેવી મનોરંજક તેમજ જ્ઞાનવર્ધક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. ફૂડ રંગોળી ચેલેન્જમાં પ્રતિભાગીઓએ ફળો, શાકભાજી, અનાજ, કઠોળ અને સૂકા મેવાનો ઉપયોગ કરીને પોષણ આધારિત રંગોળી તૈયાર કરી હતી. પોષણ ક્વિઝમાં બે રાઉન્ડમાં આરોગ્ય અને પોષણ સંબંધિત પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા, જ્યારે પોષણ બાસ્કેટ રિલે દ્વારા વિવિધ ખાદ્ય સમૂહોની ઓળખ તથા સંતુલિત આહારમાં તેમની ભૂમિકા સમજાવવામાં આવી હતી.

કાર્યક્રમની પ્રવૃત્તિઓનું મૂલ્યાંકન ડૉ. મનોજ કુમાર, મુખ્ય તબીબી અધિક્ષક (મંડળીય રેલવે હોસ્પિટલ, ભાવનગર) તથા શ્રીમતી સ્મિતા, સહાયક નર્સિંગ અધિક્ષક (ANO) (મંડળીય રેલવે હોસ્પિટલ, ભાવનગર) દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર પ્રદર્શનના આધારે ટીમ B "પોષણ શક્તિ", જેના કેપ્ટન ડૉ. મૂનિકા હતાં, વિજેતા રહી હતી. વિજેતા ટીમને ડૉ. મનોજ કુમાર તથા શ્રીમતી સ્મિતા દ્વારા વિજેતા ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.





કાર્યક્રમનું સમાપન ઉત્સાહ અને સકારાત્મક ટીમ ભાવના સાથે થયું. વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી સ્વસ્થ ભોજન, સંતુલિત આહાર તથા વધુ સારી જીવનશૈલી અપનાવવાનો સંદેશ આપવામાં આવ્યો.

**મુખ્ય સંદેશ**

"બહેતર પોષણ ● ઉજ્જ્વળ જીવન"

"યોગ્ય આહાર અપનાવો, સ્વસ્થ અને ઉજ્જ્વળ ભવિષ્ય બનાવો."

# ગુજરાતમાં ઓપરેશન ગંગાજળ હેઠળ વધુ એક કાર્યવાહીઃ ઉચ્ચ હોદ્દા પર બેઠેલા એક અધિકારીની હકાલપટ્ટીથી હડકંપ

પ્રતિનિધિ,ગાંધીનગર

યોગેશ ગણત્રાને ફરજીયાત નિવૃત્ત કરાયા હોવાની માહિતી બહાર આવી છે. પરંતુ ઉપલબ્ધ વિશ્વસનીય જાહેર અહેવાલોમાં આ નિર્ણયની સત્તાવાર પુષ્ટી મળી નથી. અગાઉ તેમના નામે ચીફ ઓફીસર તરીકે બદલી અને એક જમીન પ્રકરણમાં તપાસની વિગતો બહાર આવી છે.

ગુજરાત સરકારના ઓપરેશન ગંગાજળ હેઠળ સરકારી અધિકારીઓ વિરૂધ્ધ કાર્યવાહીનો દોર ચાલુ હોવાના અહેવાલો વચ્ચે ચીફ ઓફીસર યોગેશ ગણત્રાને ફરજીયાત નિવૃત્ત કરાયા હોવાનો દાવો બહાર આવ્યો છે. જો કે ઉપલબ્ધ વિશ્વસનીય જાહેર સ્ત્રોતોની તપાસમાં યોગેશ ગણત્રાની ફરજીયાત નિવૃત્તિ અંગેનો સત્તાવાર સરકારી આદેશ અથવા અધિસુચના મળી નથી. તેથી આ દાવાને હાલ સત્તાવાર રીતે પુષ્ટી થયેલી ઘટના તરીકે રજુ કરવી યોગ્ય નથી. તાજેતરના વરસોમાં ગુજરાત સરકારે ભ્રષ્ટાચાર, ગેરરીતી, બેદરકારી અને બિન કાર્યક્ષમતા સામે ઓપરેશન ગંગાજળ હેઠળ અનેક અધિકારીઓ વિરૂધ્ધ સસ્પેન્શન તથા ફરજીયાત અથવા સમય પહેલા નિવૃત્તિ જેવી કાર્યવાહી કરી છે. યોગેશ ગણત્રા નગરપાલિકા વિભાગમાં ચીફ ઓફીસર તરીકે ફરજ બજાવી ચુકયા છે. જુલાઈ ૨૦૨૪ માં ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા ૧૧ નગરપાલિકાના ચીફ ઓફીસરોની બદલી કરવામાં આવી હતી. તેમાં યોગેશ ગણત્રાનુ નામ પણ હતું. તેમને તે સમયે ડાકોર થી ખંભાત બદલી કરવામાં આવી હતી. ત્યારબાદ ફેબ્રુઆરી ૨૦૨૬ ના એક સ્થાનિક અહેવાલમાં જણાવાયુ હતુ કે યોગેશ ગણત્રાની ઝાલોદ નગરપાલિકામાં થી ટુંકા સમયગાળામાં બદલી કરવામાં આવી હતી. અહેવાલ મુજબ તેમણે સપ્ટેમ્બર ૨૦૨૫ માં ઝાલોદમાં ચીફ ઓફીસર તરીકે ચાર્જ સંભાળ્યો હતો અને ફેબ્રુઆરી ૨૦૨૬ માં તેમની બદલીનો સરકારી પરીપત્ર બહાર પડયો હતો. યોગેશ ગણત્રાનુ નામ અગાઉ બોરસદ નગરપાલિકા સાથે સંકળાયેલા જમીન પ્રકરણમાં પણ બહાર આવ્યુ હતું. મીડીયાના અહેવાલ મુજબ બોરસદ પાલિકાના તત્કાલીન ચીફ ઓફીસર યોગેશ ગણત્રા તથા હાલના ચીફ ઓફીસર વિરાજ શાહ ની આ જમીન પ્રકરણમાં સંડોવણી હોવાના પુરાવા રજુ કરીને કાર્યવાહી કરવાની રજુઆત કરવામાં આવી હતી. આ મામલે પ્રાદેશિક કમિશ્નરે અરજદારની અરજીના સંદર્ભમાં અધિક કલેકટર, આણંદને તપાસ કરવા સુચના આપી હતી. આ વિગતો તપાસ અથવા રજુઆતના તબકકાની છે. તેને યોગેશ ગણત્રા સામેનો સાબિત થયેલો આરોપ તરીકે રજુ કરી શકાય નહી. ગુજરાત સરકારનુ ઓપરેશન ગંગાજળ સરકારી તંત્રમાં ગેરરીતી અને બિનકાર્યક્ષમતા સામેની કાર્યવાહી સાથે જોડાયેલુ છે. ૨૦૨૪ માં આ અભિયાન અંગેના અહેવાલોમાં જણાવાયુ હતુ કે સરકાર દ્વારા ફરીયાદો, ગેરરીતી અને ભ્રષ્ટાચારના આક્ષેપો ધરાવતા અધિકારીઓની સમીક્ષા કરવામાં આવી રહી હતી. તે સમયગાળામાં અનેક અધિકારીઓને ફરજીયાત અથવા સમય પહેલા નિવૃત્ત કરવામાં આવ્યા હતા.



# એસડી પે એપ કૌભાંડ આચરનાર ગેંગ નો મુખ્ય આરોપી મહારાષ્ટ્રથી ઝડપાયોઃ સાયબર ક્રાઈમ પોલીસની કાર્યવાહી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

વડોદરા શહેરની સાયબર ક્રાઈમ પોલીસ ટીમે ડીઝીટલ રોકાણના નામે ચાલતા મોટા કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. મોબાઈલ એપ્લીકેશન એસડી પે મારફતે ઉંચા વળતરની લાલચ આપી સામાન્ય નાગરીકો સાથે કરોડો રૂપીયાની છેતરપીંડી આચરવાના કેસમાં સાયબર ક્રાઈમ ટીમે મહારાષ્ટ્રના ઔરંગાબાદ થી એક મુખ્ય આરોપીની ધરપકડ કરી છે.




પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ એસડી પે નામની એપ દ્વારા ટુંકા સમયમાં મોટુ વળતર આપવાની સ્કીમ બતાવી લોકો પાસેથી કરોડો રૂપીયાનુ રોકાણ કરાવવામાં આવ્યુ હતું. ત્યારબાદ રોકાણકારોને વળતર આપવાના બદલે એપ બંધ કરી દેવામાં આવી હતી. આ અંગે વડોદરા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં છેતરપીંડી અને આઈટી એકટ હેઠળ ગુન્હો દાખલ કરવામાં આવ્યો હતો. ગુન્હાની ગંભીરતાને ધ્યાને રાખી વડોદરા સાયબર ક્રાઈમ પોલીસે ટેકનીકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. તપાસના તાર મહારાષ્ટ્ર સુધી લંબાવ્યા હતા. સાયબર ક્રાઈમની વિશેષ ટીમે ઔરંગાબાદ ખાતે દરોડો પાડીને આરોપી નારાયણ અશોક કાંગ ની અટકાયત કરી તેને વડોદરા લાવવામાં આવ્યો છે. પોલીસે આરોપી પાસેથી કૌભાંડમાં વપરાયેલા અનેક ઈલેકટ્રીક ઉપકરણો, મોબાઈલ ફોન અને ડીઝીટલ પુરાવા જપ્ત કર્યા છે. આરોપીની પ્રાથમિક પુછપરછ દરમિયાન સાયબર ક્રાઈમ પોલીસે તપાસ તેજ કરી છે કે આંતરરાષ્ટ્રીય રેકેટમાં અન્ય કેટલા સાગરીતો સંડોવાયેલા છે અને મુખ્ય સુત્રધાર કોણ છે, હાલમાં પોલીસે આરોપીના રીમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે. આ કૌભાંડમાં કુલ કેટલા નાગરીકો ભોગ બન્યા છે અને કુલ કેટલા કરોડ રૂપીયાની ઠગાઈ થઈ છે તેનો ચોકકસ આંકડો મેળવવા માટે હિસાબી ચોપડા અને બેંક એકાઉન્ટની સઘન તપાસ અને પુછપરછ ચાલુ છે. પોલીસની આ કાર્યવાહીથી સાયબર ભોગ બનનાર લોકોમાં આશાનુ કિરણ જાગ્યુ છે.

### ભારતમાલા એક્સપ્રેસ વે પર ગોઝારો અકસ્માત

# સુરતના કામરેજ નજીક ડમ્પર પાછળ કાર ઘૂસી જતાં ૪ લોકોના કરૂણ મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત જિલ્લામાંથી પસાર થતા ભારતમાલા એક્સપ્રેસ વે પર વધુ એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. કામરેજ નજીક હાઈવે પર ઊભેલા એક ડમ્પર પાછળ પૂરઝડપે આવતી હેરિયર કાર ધડાકાભેર ઘૂસી જતાં કારમાં સવાર ચાર લોકોના ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યા છે. આ ભયાનક દુર્ઘટનાને પગલે હાઈવે પર અરેરાટી વ્યાપી ગઈ હતી અને ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

આ ઘટનાની મળતી માહિતી અનુસાર, આ દુર્ઘટનાનો ભોગ બનનાર લોકો મુંબઈથી પાટણ જિલ્લામાં આવેલા પવિત્ર યાત્રાધામ શંખેશ્વર મંદિરે દર્શન કરવા માટે જઈ રહ્યા હતા. તેઓ પોતાની હેરિયર કારમાં મુંબઈથી નીકળ્યા હતા, પરંતુ તેઓ ભગવાનના દર્શન કરે તે પહેલાં જ રસ્તામાં કાળ તેમને આંબી ગયો હતો. અકસ્માત એટલો ગંભીર હતો કે કારમાં સવાર ચારેય લોકોના ઘટનાસ્થળે જ પ્રાણ પંખેરું ઊડી ગયા હતા. એન.ઈ. ૦૪ (NE 04) ભારતમાલા એક્સપ્રેસ વે પર મુંબઈથી અમદાવાદ તરફ જતા માર્ગ પર કામરેજ પોલીસ સ્ટેશનની હદમાં આવતા ડીગસ ગામની સીમમાં આ ગોઝારી ઘટના બની હતી.

પ્રાથમિક વિગતો મુજબ, ડમ્પર ચાલકે વાહનમાં અચાનક એર પ્રેશરની સમસ્યા ઊભી થવાના કારણે પોતાનું ડમ્પર રોડ પર ધીમું પાડીને ઊભું રાખ્યું હતું. ચાલક ખામી તપાસવા ઊભો રહ્યો હતો, તે જ સમયે પાછળથી પૂર ઝડપે આવી રહેલી હેરિયર કારના ચાલકે સ્ટીયરીંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને કાર સીધી જ ઉભેલા ડમ્પરની પાછળ ધડાકાભેર ઘૂસી ગઈ હતી.

આ અકસ્માત એટલો ભયાનક હતો કે હેરિયર કારનો આગળનો ભાગ સંપૂર્ણપણે ભૂક્કો થઈ ગયો હતો. દુર્ઘટના બનતાની સાથે જ એક્સપ્રેસ વે પર વાહન વ્યવહારને માઠી અસર પહોંચી હતી અને ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. ઘટનાની જાણ થતાં જ કામરેજ પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે સૌથી પહેલાં ટ્રાફિક વ્યવસ્થા પૂર્વવત કરાવી હતી. ત્યારબાદ, ભારે જહેમત ઉઠાવીને કારમાંથી મૃતદેહો બહાર કાઢીને પોસ્ટ મોર્ટમ અર્થે કામરેજ સી.એચ.સી. (CHC) ખાતે રવાના કર્યા હતા. હાલ પોલીસે આ મામલે આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# નારોલમાં મકાનની સ્કીમના નામે રૂ. ૧૫.૮૫ લાખની છેતરપિંડીનો આક્ષેપ, મહેંદ્રભાઈ મફતલાલ મીસ્ત્રી ઝડપાયા

અમદાવાદઃ નારોલના સુંદરમનગર પાછળ આવેલા અનામીકાનગર ખાતે મકાનની સ્કીમ ચલાવી કુલ રૂ. ૧૫.૮૫ લાખની છેતરપિંડી કરવામાં આવી હોવાની ફરિયાદ નારોલ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. ફરિયાદ મુજબ, દાણીલીમડાના ન્યુ રામાનંદ સોસાયટીમાં રહેતા મહેંદ્રભાઈ મફતલાલ મીસ્ત્રી દ્વારા વર્ષ ૨૦૧૭માં મકાનની સ્કીમ શરૂ કરવામાં આવી હતી. ફરિયાદી બકુલચંદ્ર શંકરભાઈ શાહ પાસેથી મકાન પેટે રૂ. ૭.૫૦ લાખ લેવામાં આવ્યા હોવા છતાં મકાનનો કબજો આપવામાં આવ્યો ન હોવાનો આક્ષેપ છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, બાદમાં અનામીકાનગર ખાતેના રો-હાઉસ નં. ૧૩ અંગે વેચાણ કરાર તથા જનરલ પાવર ઓફ એટર્ની આપવામાં આવ્યા હતા. જોકે, સ્થળની મુલાકાત દરમિયાન મિલકત અન્ય વ્યક્તિના કબજામાં હોવાનું જાણવા મળ્યું હતું.

ફરિયાદ મુજબ, ફરિયાદી તથા અન્ય સાહેદોએ નાણા પરત માંગ્યા છતાં રકમ પરત કરવામાં આવી ન હતી. ફરિયાદમાં મહેંદ્રભાઈ દ્વારા ગાળો આપવા તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. ફરિયાદીનો દાવો છે કે, ફરિયાદી સહિત અન્ય સાહેદો પાસેથી કુલ રૂ. ૧૫.૮૫ લાખ લેવામાં આવ્યા હતા અને આજદિન સુધી રકમ પરત કરવામાં આવી નથી. આ અંગે બકુલચંદ્ર શંકરભાઈ શાહે નારોલ પોલીસ સ્ટેશનમાં મહેંદ્રભાઈ મફતલાલ મીસ્ત્રી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં બબલીબેન મહેંદ્રસિંહ ઠાકુર અને દિપકભાઈ બ્રીજકીશોરભાઈ કુશ્વાહાને સાહેદ તરીકે દર્શાવવામાં આવ્યા છે.

# ભારતીય રેલ્વે ખામીઓ હોવા છતાં રાબેતા મુજબ કાર્યરત છે

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ભારત ની સંસદ માં ગયા મહિને રજૂ કરાયેલા ભારતના નિયંત્રક અને ઓડિટર જનરલ (CAG) ના અહેવાલમાં સેંકડો રેલ્વે સ્ટેશનો પર પીવાના પાણી અને અન્ય મૂળભૂત સુવિધાઓના અભાવ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

પીવાના પાણીમાં આરોગ્યને નુકશાન પહોંચાડી શકે તેવા બેક્ટેરિયાની હાજરી પણ નોંધાઈ હતી. અહેવાલમાં જણાવાયું છે કે ૮૯ ટકા સ્ટેશનો માં પૂરતી બેઠક વ્યવસ્થા, પંખા, સાઈનેજ અને શૌચાલય જેવી મૂળભૂત સુવિધાઓનો અભાવ છે.

CAG રિપોર્ટને સમર્થન આપતાં, જાહેર હિસાબ સમિતિ (PAC) એ પણ શોધી કાઢયુ કે ઘણા સ્ટેશનોમાં પીવાનું પાણી, પંખા અને આરામદાયક બેઠક વ્યવસ્થા સહિત પૂરતી મૂળભૂત સુવિધાઓનો અભાવ છે.

ભારતીય રેલ્વે વિશ્વનું સૌથી મોટું નેટવર્ક છે. પરંતુ સુવિધાઓની વાત કરીએ તો આપણે ક્યાં છીએ? પીવાના પાણી જેવી મૂળભૂત સુવિધાઓના અભાવે મુસાફરો ઉતર્યા પછી સ્ટેશન પર ભટકતા જોવા મળે છે. વિક્રેતાઓ બોટલ બંધ પાણી વેચવા માટે પીવાના પાણીની વ્યવસ્થાને ખોરવવાનો પ્રયાસ કરતા જોવા મળે છે.

ઉપરાંત ટ્રેનનાં જનરલ ડબ્બામાં ઘેટાં-બકરાંની જેમ ભરેલા મુસાફરો તેમની મુસાફરી કેવી રીતે પૂર્ણ કરી શકે છે તેની કલ્પના કરવી મુશ્કેલ નથી. ટ્રેનની અંદરના શૌચાલયોની ખરાબ સ્થિતિ જોઈને, મુસાફરો અનિચ્છાએ તેનો ઉપયોગ કરે છે. રેલ્વેની દેખરેખ વ્યવસ્થા ચોક્કસપણે ઢીલી છે. એવું લાગે છે કે કોઈને જવાબદાર ઠેરવવામાં આવતા નથી. બધે ફેલાયેલો કચરો આનો પુરાવો આપે છે.

છેલ્લાં કેટલાક વર્ષોમાં રેલ્વે અકસ્માતો વધ્યા છે પહેલા કરતાં થોડા ઘટ્યા છે. જોકે, મૂડીખર્ચ વધ્યા પછી પણ ઓપરેટિંગ કાર્યક્ષમતામાં સુધારો થયો નથી. આમ રેલ્વે આડે પાટે છે એમ કહેવું ખોટું તો નથી જ.

### દર પાંચ દિવસે બની રહ્યુ છે નવુ જ ઘરડાઘરઃ બે વરસમાં ૧૪૧ નવા વૃધ્ધાશ્રમ ખુલ્યા

# ગુજરાતમાં વૃધ્ધાશ્રમોની સંખ્યા વધીઃ બે વરસમાં ૧૪૧ નો વધારોઃ અમદાવાદ બન્યું સૌથી મોટુ કેન્દ્ર

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં આજના આધુનિક સમયમાં સંયુકત પરીવારની પરંપરાગત વ્યવસ્થા ખુબ જ ઝડપથી બદલાઈ રહી છે અને તેની સૌથી મોટી તેમજ સીધી અસર વૃધ્ધોના જીવન પર જોવા મળી રહી છે. સંતાનો નોકરી-ધંધા અર્થે કે વિદેશમાં સ્થાયી થવાને કારણે એકલા પડતા માતા-પિતા માટે હવે વૃધ્ધાશ્રમો માત્ર નિરાધાર વૃધ્ધો માટેના આશ્રયસ્થાન રહ્યા નથી. શહેરોમાં ખાનગી, ટ્રસ્ટ સંચાલિત અને સીનીયર કેર હોમ્સ ની સંખ્યા એટલી ઝડપથી વધી રહી છે કે દર પાંચ દિવસે સરેરાશ એક વૃધ્ધાશ્રમ નવુ આકાર લઈ રહ્યુ છે. સામાન્ય રીતે અગાઉ વિશાળ જગ્યાઓ પર વૃધ્ધાશ્રમો જોવા મળતા હતા. પરંતુ હવે નાના-નાના પ્રાઈવેટ બંગલાઓમાં પણ સંખ્યાબંધ વૃધ્ધાશ્રમો ગુજરાતના મોટા શહેરોમાં સરળતાથી જોઈ શકાય છે.

વર્ષ ૨૦૨૬ ના બિઝનેસ લીસ્ટીંગ ડેટા પ્રમાણે ગુજરાતમાં આશરે ખાનગી અને સંસ્થાકીય મળીને ૩૭૬ જેટલા વૃધ્ધાશ્રમ, સીનીયર લીવીંગ અને સંબંધિત કેર સેન્ટર નોંધાયેલા છે. આ આંકડો દર્શાવે છે કે વૃધ્ધોની સંભાળનુ આ ક્ષેત્ર ખુબ જ ઝડપથી વિસતરી રહ્યુ છે. માત્ર બે વર્ષ પહેલાના ઉપલબ્ધ અહેવાલોમાં આ પ્રકારની સંસ્થાઓની સંખ્યા ૨૩૫ થી વધુ દર્શાવવામાં આવી હતી. આ બે વર્ષના ટુંકા ગાળામાં ૧૪૦ જેટલી નવી સંસ્થાઓનો વધારો થયો છે. જેનાથી સ્પષ્ટ ટ્રેન્ડ દેખાય છે કે ગુજરાતમાં દર પાંચેક દિવસે એક નવી વૃધ્ધ સંભાળ સંસ્થા ઉમેરાઈ રહી છે. જો કે આ ગણતરીને સત્તાવાર વૃધ્ધાશ્રમની સંખ્યા નહી પરંતુ ઉપલબ્ધ લીસ્ટીંગ આધારીત અંદાજ તરીકે જોવી જરૂરી છે. આ સમગ્ર ટેન્ડમાં અમદાવાદ શહેર સૌથી મોટુ કેન્દ્ર બનીને ઉભર્યુ છે. ૧ એપ્રિલ ૨૦૨૬ ના લીસ્ટીંગ ડેટા અનુસાર એકલા અમદાવાદમાં




આશરે ૮૬, સુરતમાં ૬૩, વડોદરામાં ૪૮ , રાજકોટમાં ૨૩ અને જુનાગઢમાં ૧૭ સંસ્થાઓ દર્શાવવામાં આવી છે. આ ચારેય મોટા શહેરો (અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ) એમ કુલ મળીને ૨૨૦ જેટલી સંસ્થાઓ થાય છે.

આ ઉપરાંત ગુજરાત સરકારના સમાજ સુરક્ષા વિભાગની સત્તાવાર યાદીમાં પણ ભાવનગર, કચ્છ, દાહોદ, નર્મદા, પંચમહાલ, પાટણ અને સુરેન્દ્રનગર સહિતના વિવિધ જિલ્લાઓમાં વૃધ્ધાશ્રમોની વિગતો ઉપલબ્ધ છે. અમદાવાદમાં એક સમય એવો હતો જયારે માત્ર ૧૫ જેટલા જ વૃધ્ધાશ્રમો હતા, જેની સંખ્યા સમય જતા ૪૨ સુધી પહોચી હતી. પરંતુ હવે વિવિધ ડીરેકટરીઓમાં ૮૬ જેટલી સંસ્થાઓ નોંધાયેલી છે. જો કે આ યાદીમાં માત્ર પરંપરાગત ઓલ્ડ એજ હોમ જ નહી, પરંતુ સીનીયર લીવીંગ, આસિસ્ટેડ લીવીંગ અને અન્ય આધુનિક કેર સેન્ટરોનો પણ મોટા પ્રમાણમાં સમાવેશ થાય છે.

# ૩૨ (બત્રીસ) વર્ષ અગાઉ ફરજ દરમ્યાન મૃત્યુ પામનાર વડોદરાના BSNLના કર્મચારીના પુત્રને રહેમરાહે નોકરી આપવા ઔદ્યોગિક કોર્ટનો આદેશ

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

વડોદરામાં ૩૨ વર્ષ પહેલાં ચાલુ ફરજે મૃત્યુ પામેલ કર્મચારીના પુત્રને રહેમરાહે નોકરી આપવાની BSNL દ્વારા ના કહ્યા બાદ અદાલતમાં દાદ માંગવામાં આવતા ૧૫ વર્ષની કાનૂની લડત બાદ કોર્ટે મૃત કર્મચારીના પુત્રને રહેમરાહે નોકરી આપવાનો આદેશ કર્યો હતો.

BSNL દ્વારા અરજી નકારી કાઢવાના કૃત્યને અદાલતે ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને અન્યાયી ગણાવ્યું હતું. કેસની વિગતવાર માહિતી અનુસાર BSNL માં લાઈનમેન તરીકે ફરજ બજાવતા કર્મચારી ભવાની સિંહનું ચાલુ ફરજે અવસાન થયું હતું. તે સમયે તેમના પુત્રો સગીર હોવાથી, ૨૦/૬/૧૯૯૫ ના રોજ મૃતક કર્મચારીના પત્નીએ વિભાગને લેખિત અરજી આપી હતી કે મોટો પુત્ર જશવંતસિંહ ૧૮ વર્ષનો થાય ત્યારે તેને રહેમરાહે નોકરી આપવામાં આવે.

ત્યાર બાદ વર્ષ ૨૦૦૨ માં પુત્ર પુખ્ત વયનો થતાં તેને નોકરીમાં રાખવા ફરીથી વિનંતી કરવામાં આવી હતી. જોકે, BSNL ની કોર્પોરેટ ઓફિસે વર્ષ ૨૦૦૩ માં એવું કહીને અરજી ફગાવી દીધી હતી કે, સરકારી નિયમ મુજબ મૃત્યુની તારીખથી ૫ વર્ષની અંદર અરજી કરવાની હોય છે અને આ અરજી ૯ વર્ષ બાદ થઈ હોવાથી સમય મર્યાદા બહાર છે.

આ કેસ ઔદ્યોગિક ન્યાયપંચને મોકલ્યો હતો. કેસની સુનાવણી માં યુનિયન તરફે પુરાવા રજૂ કરી જણાવવામાં આવ્યું હતું કે વર્ષ ૧૯૯૫ માં જ અરજી અપાઈ હતી અને તે સમયના અધિકારીએ તેની નોંધ લઈને વર્ષ ૨૦૦૨ સુધી દાવો પેન્ડિંગ રાખવા ભલામણ પણ કરી હતી. સામે પક્ષે BSNL એ દલીલ કરી હતી કે તેમને ૧૯૯૫ ની અરજી મળી જ નથી અને કંપની ૨૦૦૮ ના નવા પરિપત્ર મુજબ કાર્યવાહી કરે છે. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ ન્યાયાધીશે ચુકાદામાં નોંધ્યું હતું કે BSNL ના ૧૯૯૬ ના આંતરિક પત્ર પરથી જ સાબિત થાય છે કે ૧૯૯૫ માં અરજી કરવામાં આવી હતી.

અદાલતે સરકારી જાહેરનામા ટાંકીને સ્પષ્ટ કર્યું કે, સગીર સંતાન ૧૮ વર્ષનું થાય ત્યારે તે નોકરી માટે અરજી કરી શકે છે. આખરે અદાલતે મૃતક કર્મચારીના પુત્રને રહેમરાહે નોકરી પર લેવાનો આદેશ કર્યો હતો.

# ગાંધીનગરમાં નિવૃત્ત કર્મચારીની હત્યા : વૃધ્ધ પક્ષીઓને દાણા નાખવા નિકળ્યા હતા : એક આરોપી શખ્સની અટકાયત

પ્રતિનિધિ,ગાંધીનગર



ગાંધીનગર શહેરના ચરેડી નજીક સેકટર-૨૬ વિસ્તારમાં નિવૃત્ત કર્મચારી રમેશ પટેલની હત્યાની ઘટના બહાર આવતા ચકચાર મચી જવા પામી છે. વાવોલના વતની રમેશ પટેલ સેકટર ૨૬ વિસ્તારમાં રહેતા હતા અને રોજીંદા નિત્યક્રમ મુજબ સવારના સમયે પક્ષીઓને દાણા નાખવા માટે જતા હતા. આ દરમિયાન તેમની હત્યા કરવામાં આવી હોવાનુ બહાર આવ્યુ છે. ઘટનાની જાણ થતા પોલીસ તાત્કાલીક હરકતમાં આવી હતી અને સમગ્ર બનાવની તપાસ શરૂ કરી છે. પ્રાથમિક તબકકે પોલીસે એક શકમંદ ઈસમને અટકાયતમાં લીધો હોવાનુ જાણવા મળે છે. પોલીસે શકમંદની પુછપરછ શરૂ કરી છે અને હત્યા પાછળનુ ચોકકસ કારણ તથા ઘટનામાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તે અંગે તપાસ હાથ ધરવામાં આવી છે. રમેશ પટેલ સવારના સમયે પક્ષીઓના દાણા નાખવા જતા હોવાની માહિતી બહાર આવી છે. રોજીંદા નિત્યક્રમનો આ જ ભાગ તેમના માટે ઘાતક સાબિત થયો હોવાનુ હાલની પ્રાથમિક વિગતો પરથી બહાર આવે છે. સવારના સમયે તેઓ ઘરેથી નિકળ્યા બાદ તેમની સાથે હત્યાની ઘટના બની હોવાનુ જણાવવામાં આવ્યુ છે. ઘટનાની ચોકકસ જગ્યા, હત્યા કઈ રીતે કરવામાં આવી અને બનાવ સમયે તેમની સાથે કોણ હતુ તે અંગે પોલીસ તપાસ ચલાવી રહી છે. આ વિગતોની સત્તાવાર પુષ્ટી તપાસ આગળ વધ્યા બાદ જ થઈ શકે છે. હત્યાની ઘટનાને ગંભીરતાથી લેતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. પ્રાથમિક તપાસના આધારે એક વ્યકિતને શકમંદ તરીકે અટકાયતમાં લેવામાં આવ્યો છે અને તેની પુછપરછ કરવામાં આવી રહી છે. પોલીસ હવે શકમંદ પાસેથી ઘટનાક્રમ અંગે માહિતી મેળવવાનો પ્રયાસ કરી રહી છે. હત્યા પાછળ કોઈ વ્યકિતગત અદાવત, જુનો વિવાદ કે અન્ય કારણ જવાબદાર છે કે કેમ તે અંગે હાલ કોઈ સત્તાવાર માહિતી જાહેર કરવામાં આવી નથી. તેથી હત્યાનુ કારણ નકકી થયાનુ માનવુ વહેલુ ગણાશે. નિવૃત્ત કર્મચારીની હત્યાની ઘટના બહાર આવતા ચરેડી નજીકના સેકટર ૨૬ વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. રમેશ પટેલ વાવોલના વતની હોવાથી ઘટનાની જાણ તેમના પરિચિતો અને વતન વિસ્તારમાં થઈ ગઈ છે. પોલીસ દ્વારા ઘટનાની તમામ સંભાવનાઓને ધ્યાનમાં રાખીને તપાસ કરવામાં આવી રહી છે. બનાવ સાથે જોડાયેલા લોકો, ઘટનાસ્થળની પરિસ્થિતિ અને શકમંદની પુછપરછમાંથી મળતી માહિતીના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

# ગાંધીનગર મનપાની ચુંટણીમાં કોંગ્રેસે ૧૯ ઉમેદવારોની યાદી કરી જાહેરઃ કોંગ્રેસે જીતવા માટે ફોર્મ્યુલા રચી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ચુંટણીને લઈને રાજકીય ગતિવિધિઓ તેજ બની ગઈ છે. કોંગ્રેસે આજે ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે. પાર્ટીએ પ્રથમ યાદીમાં કુલ ૧૯ ઉમેદવારોના નામ જાહેર કર્યા હોવાનુ બહાર આવ્યુ છે.



આ યાદીમાં ગાંધીનગર મનપાના વોર્ડ નં.૧, ૩, ૮, ૯ અને ૧૦ નો સમાવેશ થાય છે. ગાંધીનગર મહાનગરપાલિકાની ચુંટણીમાં કુલ ૧૧ વોર્ડની ૪૪ બેઠકો માટે ૧૧ ઓકટોબરે મતદાન યોજાવવાનુ છે. જયારે ૧૩ ઓકટોબરે મતગણતરી અને પરીણામ જાહેર કરવામાં આવશે. રાજય ચુંટણીપંચે ચુંટણી કાર્યક્રમ જાહેર કર્યા બાદ મનપા વિસ્તારમાં આચારસંહિતા અમલમાં આવી ગઈ છે. કોંગ્રેસની પ્રથમ યાદીમાં વોર્ડ નં.૧, ૩, ૮, ૯ અને ૧૦ નો સમાવેશ કરવામાં આવ્યો છે. ઉપલબ્ધ અહેવાલ મુજબ વોર્ડ નં. ૧ માં જલ્પા ઠાકોર, સુનિતા પટેલ, રવિન્દ્ર ત્રિવેદી અને નંદુ પટેલને ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. વોર્ડ નં. ૩ માં હેતલ રાઠોડ, શિવાની શાહ, માનાજી મોદી અને મહેન્દ્રસિંહ ચાવડાના નામ જાહેર થયા છે. વોર્ડ નં. ૮ માં આશાબેન ઠાકોર, દક્ષાબેન પરમાર, ચિરાગ ઠાકોર અને ફેવીન પટેલને ટીકીટ આપવામાં આવી છે. જયારે વોર્ડ નં. ૧૦ માં પલકબેન ગોહિલ, વૈશાલીબેન પરમાર, રમેશભાઈ દેસાઈ અને ઉમેશકુમાર પટેલના નામ જાહેર થયા છે. ઉપલબ્ધ અહેવાલમાં વોર્ડ નં. ૯ નો પણ કોંગ્રેસની યાદીમાં સમાવેશ થયો હોવાનુ જણાવાયુ છે. જો કે તેમાં વોર્ડ નં. ૯ ના ઉમેદવારોના નામ અલગથી આપવામાં આવ્યા નથી. તેથી પ્રથમ યાદીના તમામ ૧૯ નામોની સંપૂર્ણ વિગતો માટે કોંગ્રેસ દ્વારા જાહેર કરાયેલી મુળ યાદીનો સંદર્ભ લેવો જરૂરી રહેશે. ગાંધીનગર મહાનગરપાલિકાની ચુંટણીમાં ૧૧ વોર્ડ ની કુલ ૪૪ બેઠકો પર મતદાન થશે. રાજય ચુંટણીપંચના કાર્યક્રમ મુજબ ૧૧ ઓકટોબરે મતદાન અને ૧૩ ઓકટોબરે મતગણતરી હાથ ધરાશે. ચુંટણી માટે ઉમેદવારી ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨૬ સપ્ટેમ્બર છે. જયારે ૨૮ સપ્ટેમ્બરે ફોર્મની ચકાસણી અને ૨૯ સપ્ટેમ્બરે ઉમેદવારી પાછી ખેંચવાની અંતિમ તારીખ છે. આ ચુંટણીમાં ૪૪ બેઠકો હોવાથી દરેક વોર્ડમાં ૪ બેઠકો આવે છે. ઉમેદવારોની યાદીઓ જાહેર થવાની સાથે જ હવે વોર્ડવાર ચુંટણીનુ ચિત્ર વધુ સ્પષ્ટ બનતુ જઈ રહ્યુ છે.

કોંગ્રેસે પ્રથમ તબકકામાં ૫ વોર્ડને આવરી લેતી યાદી જાહેર કરી છે. પક્ષ તરફથી બાકીના ઉમેદવારોની પસંદગી અને જાહેરાત આગામી દિવસોમાં કરવામાં આવશે. ઉમેદવારી ફોર્મ ભરવાની અંતિમ તારીખ નજીક હોવાથી તમામ પક્ષો માટે ઉમેદવારોની અંતિમ પસંદગીની પ્રક્રિયા મહત્વપૂર્ણ બની છે. ગાંધીનગર મનપાની ચુંટણીમાં ઉમેદવારોની જાહેરાત સાથે સ્થાનિક રાજકારણમાં ચુંટણીની હલચલ વધુ તેજ બની છે. હવે આગામી તબકકામાં ભાજપ અને કોંગ્રેસની બાકીની યાદીઓ તથા અન્ય પક્ષોના ઉમેદવારો જાહેર થયા બાદ ૪૪ બેઠકોનુ વોર્ડવાર ચિત્ર વધુ સ્પષ્ટ થશે.

# ગ્રાન્ટેડ શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓની બઢતી માટે આગામી ૨૮- ૨૯ નવે.ખાતાકીય પરીક્ષા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત રાજય પરીક્ષા બોર્ડે ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા બિન શૈક્ષણિક કર્મચારીઓ માટે ખાતાકીય પરીક્ષાની જાહેરાત કરી છે. રાજયમાં ગ્રાન્ટેડ શાળાઓના કલાર્ક સંવર્ગના કર્મચારીઓની બઢતી અને ઉચ્ચત્તર પગાર ધોરણની મંજુરી માટે લોઅર લેવલ અને હાયર લેવલ ખાતાકીય પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે.




રાજય પરીક્ષા બોર્ડ દ્વારા આ બંને પરીક્ષાઓ આગામી તારીખ ૨૮ અને ૨૯ નવેમ્બર ના રોજ ગાંધીનગર અને અમદાવાદ કેન્દ્ર ખાતે યોજવામાં આવશે. શિક્ષણ વિભાગના નિયમો મુજબ નિયમિત નિમણુંકના બે વર્ષ પૂર્ણ કરનાર બિન શૈક્ષણિક કર્મચારીઓ આ પરીક્ષા આપી શકશે. લોઅર લેવલ પરીક્ષામાં લેવલ-૨ માં ફરજ બજાવતા કલાર્ક સંવર્ગના કર્મચારીઓ પ્રથમ પગાર ધોરણ મેળવવા અથવા સીનીયર કલાર્ક તરીકે બઢતી મેળવવા માટે આ પરીક્ષા આપી શકશે. જયારે હાયર લેવલ પરીક્ષામાં લેવલ-૪ માં ફરજ બજાવતા કર્મચારીઓ દ્વિતિય પગાર ધોરણ મેળવવા અથવા હેડ કલાર્ક તરીકે પ્રમોશન માટે અરજી કરી શકશે. આ પરીક્ષા આપવા માંગતા ઉમેદવારોએ રાજય પરીક્ષા બોર્ડની અધિકૃત વેબસાઈટ પર જઈને ઓનલાઈન અરજી કરવાની રહેશે. હાયર લેવલ અને લોઅર લેવલની પરીક્ષા માટે ઉમેદવારો ૨૪ સપ્ટેમ્બર થી ૩ ઓકટોબર સુધી ઓનલાઈન અરજી કરી શકશે. ત્યારબાદ શાળાના આચાર્ય પાસે પ્રિન્ટ જમા કરાવવાની છેલ્લી તારીખ ૫ ઓકટોબર રહેશે. આચાર્ય દ્વારા ડીઈઓ કચેરી ખાતે ૧૦ ઓકટોબર સુધીમાં જમા કરાવવાની રહેશે. ડીઈઓ કચેરી દ્વારા રાજય પરીક્ષા બોર્ડને ૧૭ ઓકટોબર સુધીમાં અરજી મોકલવાની રહેશે.

આ બંને પરીક્ષાઓમાં એકસરખુ માળખુ રાખવામાં આવ્યુ છે. જેમાં પરીક્ષામાં ૪ પ્રશ્નપત્રો રહેશે. જેમાં પ્રથમ ૩ પેપર એટલે કે શાળા સંબંધી કાયદાઓ, નાણાંકીય બાબતો અને પ્રકિર્ણ હેતુલક્ષી રહેશે. જયારે ૪ થુ પેપર ગુજરાતી-અંગ્રેજી ભાષા અને કચેરી કાર્ય પધ્ધતિ વર્ણનાત્મક રહેશે. પેપર ૧ થી ૩ માં ઉમેદવારો સરકાર દ્વારા પ્રકાશિત અધિકૃત પુસ્તકો સાથે રાખી શકશે. જયારે ખાનગી પ્રકાશનોનુ સાહિત્ય માન્ય રહેશે નહી, પેપર-૪ પુસ્તક વિના આપવાનુ રહેશે. ૨૮ નવેમ્બર ના રોજ હાયર અને લોઅર લેવલની પરીક્ષામાં ૧૧ થી ૧ વાગ્યા દરમિયાન શાળા સંબંધી કાયદાઓ અને જોગવાઈઓનુ પેપર લેવાશે. જયારે બપોરના ૩ વાગ્યાથી ૫ વાગ્યા દરમિયાન નાણાંકીય બાબતોનુ પેપર લેવામાં આવશે. જયારે ૨૯ નવેમ્બરે સવારે ૧૧ વાગ્યાથી ૧ વાગ્યા દરમિયાન પ્રકિર્ણ નુ પેપર લેવાશે. જયારે બપોરના ૩ વાગ્યા થી ૬ વાગ્યા દરમિયાન ગુજરાતી-અંગ્રેજી ભાષા તથા કચેરી કાર્ય પધ્ધતિની પરીક્ષા લેવામાં આવશે. દરેક પેપર માં પાસ થવા માટે ૫૦ ટકા ગુણ મેળવવા ફરજીયાત છે, જો કોઈ ઉમેદવાર એક વિષય માં નાપાસ થાય તો નિયમ મુજબ વધુમાં વધુ ૫ કૃપા ગુણ મળવાપાત્ર રહેશે. ૫૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવનારને આગળની પરીક્ષા માટે તે વિષયમાં મુકિત મળશે. સામાન્ય ઉમેદવારોને વિનામુલ્યે ૩ તક અને એસસી- એસટી ઉમેદવારોને ૪ તક મળશે, પરીક્ષાનુ માધ્યમ સંપૂર્ણ ગુજરાતી રહેશે, ઉમેદવારોએ ઓનલાઈન ભરેલા આવેદનપત્રની પ્રિન્ટ સાથે પાત્રતા પ્રમાણપત્ર અને નિમણુંક આદેશના આધારો સામેલ કરી શાળાના આચાર્ય અને જિલ્લા શિક્ષણાધિકારીના સહી સિકકા કરાવીને જ સબમીટ કરવાનુ રહેશે. સીધી મોકલેલી અરજીઓ રદ ગણવામાં આવશે.

# અમદાવાદમાં સામાન્ય વાહન ખસેડવાની બાબતે માર મારવાને લઈને ઢાલગરવાડ કાપડ બજાર સજજડ બંધ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

અમદાવાદ શહેરના લાલ દરવાજા વિસ્તારમાં આવેલા પ્રસિધ્ધ ઢાલગરવાડ કાપડ બજારમાં વાહન સાઈડ લેવા જેવી સામાન્ય બાબતે થયેલી બોલાચાલીમાં ૧૦ થી વધુ અસામાજિક તત્વોના ટોળાએ દુકાનમાં ઘુસીને તોડફોડ કરી વેપારી પર હિંસક હુમલો કર્યો હતો. આ હુમલાના વિરોધમાં આજે શુક્રવારે સમગ્ર ઢાલગરવાડ કાપડ બજાર સ્વૈચ્છિક બંધ પાળીને રોષ વ્યકત કર્યો હતો.



વેપારીઓએ દુકાનો બંધ રાખી બેનરો સાથે એકઠા થઈ અસામાજિક તત્વો વિરૂધ્ધ કડકમાં કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. ઘટનાની મળેલી વિગત મુજબ પાનકોર નાકા પાસે ટ્રાફીક દરમિયાન વાહન સાઈડમાં ખસેડવા બાબતે અમાન મનસુરી નામના યુવકને એક ટુવ્હીલર ચાલક સાથે સામાન્ય બોલાચાલી થઈ હતી. આ બાબતની અદાવત રાખીને સાંજના સુમારે અમાન અને તેના કાકા મહંમદ અમીન મનસુરી પોતાની આલીયા ફેશન નામની દુકાને હાજર હતા. ત્યારે ૧૦ થી વધુ શખ્સોના ટોળાએ દુકાનમાં ઘુસીને તોડફોડ શરૂ કરી દીધી હતી.

હુમલાખોરોએ કાકા-ભત્રીજાને રોડ રસ્તા પર ખેંચી લાવી ગાળો બોલી તિક્ષ્ણ હથિયારોથી ગંભીર ઈજાઓ પહોચાડી હતી. આ મારામારી માં કાકાના માથાના ભાગે અને ભત્રીજા અમાનને માથા, મોઢા તથા ગળાના ભાગે ગંભીર ઈજાઓ થતા લોહીલુહાણ થઈ ગયા હતા. તેમને બચાવવા વચ્ચે પડેલા તેમના મિત્ર ઝહીર સાથે પણ અસામાજિક તત્વોએ મારપીટ કરી તેનો મોબાઈલ ફોન તોડી નાંખ્યો હતો. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલીક સારવાર અર્થે એસવીપી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ઘટનાના સીસીટીવી ફુટેજ પણ બહાર આવ્યા છે. જેમાં ટોળુ દુકાનમાં ઘુસીને હુમલો કરતુ સ્પષ્ટપણે નજરે પડે છે. ૮ થી ૧૦ લોકોનુ ટોળુ દુકાનમાં ઘુસ્યુ હતું અને એક સગીરને ખેંચીને ગાળો બોલે છે કહી માર મારવાનો શરૂ કર્યો હતો, ત્યારબાદ જે પણ વચ્ચે છોડાવવા પડે તેને ટોળુ ઉશ્કેરાઈને ગાળો બોલીને તેના પર જ હાથ છોડવા લાગતુ હતું. ભત્રીજાને છોડાવવા તેના કાકા વચ્ચે પડયા તો ટોળાએ ઉંમરની મર્યાદા રાખ્યા વગર તેમને પણ બેફામ માર માર્યો હતો.

સ્થાનિક વેપારીઓના કહેવા પ્રમાણે પટવા શેરીના કેટલાક અસામાજિક તત્વો દ્વારા આ વિસ્તારમાં સતત ડર નો માહોલ ઉભો કરવામાં આવે છે. જેના કારણે કારંજ પોલીસની કામગીરી સામે ગંભીર સવાલો ઉભા થયા છે. ચાલુ બજારમાં વેપારીઓ પર થતા આવા હુમલાને લઈને વેપારી આલમમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

આ મામલે પીડીત મહંમદ અમીન મનસુરીની ફરીયાદના આધારે કારંજ પોલીસે ઈરફાન વલીભાઈ ઘાંચી, રીયાજ વારીશ શેખ, નુરમોહમદ શેખ , ઈરફાન યાસીનભાઈ શેખ, ઈકબાલ યાસીનભાઈ શેખ સહિત અન્ય અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસે વેપારીઓને ભવિષ્યમાં આવી ઘટનાઓ ન થાય તેની ખાત્રી આપી છે. છતાં પણ સુરક્ષાની માંગ સાથે આજે શુક્રવારે ઢાલગરવાડની ૧ હજાર થી વધુ દુકાનો સંપૂર્ણપણે બંધ રહેવા પામી હતી.